શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ
(રજી. ટ્રસ્ટ)

સ્નેહ-સેતુ

ત્રિમાસિક પત્રિકા

કહાન ફ્લેટની બાજુમાં, દોલતખાના, સારંગપુર, અમદાવાદ. ટે.: ૨૨૧૪૪૩૪૩

વર્ષ : ૧૧ - અંક : ૫૭ - મે-૨૦૨૪

MAKE IN INDIA

WE WORK TOGETHER WE ARE A TEAM WE WILL SUCCEED

UNIQUE
ROTOPACK PVT LTD
Plot No 6,
Swastik Industrial Estate,
Nr. Virat Industrial Estate,
Indore Highway,
Tal. Daskroi Gram, Chandial,
AHMEDABAD Gujarat 382430
MANUFACTURER:
Flexible Laminated Pouch
Mono Cartons
Specialized Boxes
Corrugated Cartons
Labels • Stickers
kaju
Tarunkumar V. Dhrafani
Bhupeshkumar V. Dhrafani
Anil Kumar V. Dhrafani
93771 72545
INDUSTRIES SERVED
AGARBATTI
FOOD
FMCG
AGRICULTURE
PHARMACEUTICAL
AND MANY MORE
AHMEDABAD
info@urplindia.com
www.urplindia.com

શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ
(રજી. ટ્રસ્ટ)

સ્નેહ-સેતુ

ત્રિમાસિક પત્રિકા

પ્રકાશન : મે-૨૦૨૪ • વર્ષ : ૧૧ • અંક : ૫૭

ટ્રસ્ટીશ્રીઓ

– અનિલભાઈ એસ. દોશી	મે.ટ્રસ્ટી	૯૯૦૪૪૭૨૪૪૭
– બકુલભાઈ એ. દોશી	પ્રમુખ	૯૮૨૫૨૦૩૯૨૪
– દીલીપભાઈ સી. શાહ	ઉપપ્રમુખ	૯૮૨૫૦૩૬૫૩૧
– કમલેશભાઈ આર. મુછાળા	માનદ્મંત્રી	૯૮૨૫૩૨૩૩૭૦
– ભૂપેન્દ્રભાઈ આર. પારેખ	કોષાધ્યક્ષ	૯૮૨૫૦૨૨૧૪૨
– મનીષભાઈ વી. મહેતા	સહમંત્રી	૯૩૭૫૦૫૨૫૧૧
– ભૂપેન્દ્રભાઈ એસ. ગાંધી	ટ્રસ્ટી	૯૯૧૩૫૩૫૩૪૪
– ચંપકભાઈ બી. મુછાળા	ટ્રસ્ટી	૯૪૦૯૦૫૪૬૭૮
– દીલીપભાઈ એન. ગાંધી	ટ્રસ્ટી	૯૪૨૬૦૮૬૯૬૯
– જીતેશ એચ. દામાણી	ટ્રસ્ટી	૯૩૭૬૦૧૮૩૪૭
– મનોજભાઈ આર. દિવાન	ટ્રસ્ટી	૯૩૭૭૧૭૨૪૯૧
– મયુરભાઈ એમ. શાહ	ટ્રસ્ટી	૯૨૨૭૨૪૩૧૪૩
– મિતેષભાઈ આઈ. શાહ	ટ્રસ્ટી	૯૯૨૫૦૦૨૯૦૯
– સુરેશભાઈ એ. શાહ	ટ્રસ્ટી	૯૯૦૪૨૨૨૭૧૧
– વિમલભાઈ આર. મુછાળા	ટ્રસ્ટી	૯૮૭૯૭૯૪૭૦૦

યુથવીંગ સભ્યો

- આશિષ જી. મહેતા
- હેમીલ એમ. શાહ
- જયમીન પી. રૂપાણી
- જીગર વાય. શાહ
- નિલેશ જે. કોઠારી
- રાજીવ બી. દોશી
- સચીન પી. દોશી

મહિલાવીંગ સભ્યો

- નિશા એમ. જીવાણી
- નિતા બી. અંબાણી
- પાયલ બી. શાહ
- પ્રિતિ વી. શાહ
- રેખા એમ. કોઠારી
- તૃપ્તિ વી. મુછાળા
- વર્ષા આર. દામાણી

નોંધ: સ્નેહ–સેતુમાં પ્રકાશિત થતા લેખો લેખકોના પોતાના વિચારો, મંતવ્યો અને સંકલન છે. તેમના આ વિચારો, મંતવ્યો કે સંકલિત માહિતી સાથે તંત્રી કે સંસ્થાના હોદ્દેદારો સહમત હોય તે જરૂરી નથી.
- માનદ્ મંત્રીશ્રી

અનુક્રમણિકા

૧. સંસ્થા દ્વારા કાયમી ધોરણે ચાલતી યોજનાઓ	૦૨
૨. પ્રથમ સોપાન	૦૩
૩. માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ	૦૪
૪. અમૃત મહોત્સવ વર્ષે નવો શુભારંભ – શૈક્ષણિક દત્તક યોજના	૦૬
૫. શ્રી માતંગી વેલફેર સોશીયલ ટ્રસ્ટ – કોષાધ્યક્ષનો અહેવાલ	૦૬
૬. કોષાધ્યક્ષ અહેવાલ	૦૭
૭. શ્રી માતંગી વેલફેર સોશીયલ ટ્રસ્ટ – માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ	૦૮
૮. નોટબુક વિતરણ અંગે કંઈક નવું કંઈક અનોખું	૦૯
૯. લક્ષ વગરની દોડ એ ગતિ છે... – જયેશ પરીખ (રાહી ફાઉન્ડેશન)	૧૦
૧૦. જે છો એ જ રહો, દેખાડો ના કરો.. – જયેશ પરીખ (રાહી ફાઉન્ડેશન)	૧૧
૧૧. મન્ડે માર્ક : રાજીવ મણીયાર	૧૨
૧૨. આત્મિયતાથી અભિનંદનનો અભિષેખ – ગીરીશચંદ્ર ગાંધી 'જય ગીરી'	૧૩
૧૩. જીવનનું ઝારણ – ગીરીશચંદ્ર ગાંધી 'જય ગીરી'	૧૩
૧૪. પપ્પા – ગીરીશચંદ્ર ગાંધી 'જય ગીરી'	૧૪
૧૫. અમૃત મહોત્સવ વર્ષ શુભારંભ મહોત્સવ પ્રસંગની ઝલકો	૧૫-૧૮
૧૬. માણસ એક રંગ અનેક – પ્રવિણભાઈ સોલંકી	૧૯
૧૭. માતૃત્વ – સંપદા ડાકોરકર	૨૦
૧૮. સ્વ અને તેની મુક્તિનો આનંદ – નિરંજનભાઈ દામાણી	૨૧
૧૯. આજનો સળગતો પ્રશ્ન?? – પ્રદીપભાઈ વડોદરીયા	૨૨
૨૦. નારી તું નારાયણી... – શ્રીમતી રશ્મીબેન શાહ	૨૩
૨૧. તું તો બેન ભારે કંજુસ – સુષ્માબેન એ. રાઠોડ	૨૫
૨૨. અમૂલ્ય પ્રથા – શ્રીમતી જયશ્રીબેન ઠાર	૨૭
૨૩. વાનગી વિભાગ – નીતાબેન ગાંધી	૨૯
૨૪. શૈક્ષણિક દત્તક યોજના (ધો. ૧૦,૧૧,૧૨) અરજી ફોર્મ	૩૦
૨૫. સ્કોલરશીપ માટેની અરજી (ધો. ૮ થી ૧૨ માટે)નું ફોર્મ	૩૧
૨૬. સંસ્થાના સભ્ય થવા માટેનું ફોર્મ	૩૨

લખાણ મોકલવા અંગે

સંસ્થાના સભ્યો પોતાના વિચારો અને મંતવ્યો માનદ્મંત્રીશ્રીને મોકલી શકે છે. ઉપરાંત બાળકો, યુવકો, યુવતીઓ કે અન્ય સભ્યોએ કોઈ ક્ષેત્રે કોઈ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય કે ઉચ્ચ માન–સન્માન મેળવેલ હોય તેઓ પણ પોતાની વિગત ફોટા સાથે 'સ્નેહ–સેતુ'માં પ્રકાશન અર્થે મોકલી શકે છે. અનુકૂળતા મુજબ તે પ્રકાશિત કરવામાં આવશે.

- માનદ્ મંત્રીશ્રી

સંસ્થા દ્વારા કાયમી ધોરણે ચાલતી યોજનાઓ

(૧) દવામાં ૨૫% વળતર સાથે ડોર ડિલીવરી :

"સ્વર્ણિમ સ્વાસ્થ્ય યોજના" અંતર્ગત સંસ્થાના કોઈ પણ સભ્ય દવાના બીલમાં ૨૫% વળતર સાથે ડોર ડિલીવરી યોજનાનો લાભ લઈ શકે છે. આ માટે સંસ્થાએ "Wswasthya Mediserve Pvt. Ltd." સાથે એમઓયુ કરેલ છે. તેઓને ૦૭૯-૪૮૪૮૪૮૪૮ ઉપર વ્હોટ્સઅપ દ્વારા પ્રિસ્ક્રીપ્શન મોકલવાથી જરૂરી દવા ૨૫% વળતર સાથે ડોર ડિલીવરી મેળવી શકશો. બીલનું પેમેન્ટ દવાની ડિલીવરી સમયે આપવાનું છે. આ અંગેની વિગતવાર માહિતી સ્નેહસેતુના સપ્ટે. ૨૦૨૦, અંક-૪૫માં પ્રકાશિત કરેલ છે. આમ છતાં વધુ માહિતી કે માર્ગદર્શનની જરૂરી હોય તો કોઈ પણ ટ્રસ્ટીનો સંપર્ક કરશો. વધુમાં વધુ પરિવારો આ યોજનાનો લાભ લે તેવી આશા છે.

(૨) દવાના બીલમાં ૫૦% રોકડ સહાય :

સંસ્થાના જરૂરિયાતમંદ પરિવારોને દવાના બીલમાં ૫૦% રોકડ સહાયની યોજના નિયમિત ચાલે છે. આ લાભ લેવા દવાના બીલો વ્હોટ્સઅપ દ્વારા શ્રી દિલીપભાઈ કલ્યાણી (૯૮૨૫૦ ૩૬૫૩૧) ને મોકલવા. તેઓ જરૂરી કાર્યવાહી કરીને દવાના નેટ બીલની ૫૦% રકમ તમારા બેંક ખાતામાં ટ્રાન્સફર કરી આપશે.

(૩) શૈક્ષણિક સહાય :

આર્થિક રીતે સક્ષમ ન હોય તેવા પરિવારના ધોરણ-૮ થી ૧૨ના વિદ્યાર્થીઓને મેરીટ આધારિત અપાતી નિયમિત સ્કોલરશીપ આપવાનું ચાલુ છે. જરૂરિયાતમંદ પરિવારના બાળકો આ બંને યોજનાઓનો મહત્તમ લાભ લઈ શકે છે. આ માટેના ફોર્મ કોઈ પણ ટ્રસ્ટી પાસેથી મેળવી શકશો અને ફોર્મ ભરીને તેઓને પરત આપી શકશો.

(૪) મુંબઈ સ્થિત બંને ટ્રસ્ટ તરફથી મળતી શૈક્ષણિક સ્કોલરશીપ :

જરૂરિયાતમંદ પરિવારના ધોરણ-૮ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આ સ્કોલરશીપ મેળવી શકે છે. આ માટેના ફોર્મ પણ સંસ્થાના કોઈ પણ ટ્રસ્ટી પાસેથી મળી શકશે. જે મેળવી જરૂરી માહિતી ભરી તેઓને પરત પહોંચાડી શકશો.

(૫) ઉચ્ચ અભ્યાસ માટે વગર વ્યાજની લોન :

સંસ્થાના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે રૂા. ૫૦,૦૦૦/- સુધીની વગર વ્યાજની લોનની યોજના ચાલુ છે હવેથી દર વર્ષ બે વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ ઉપલબ્ધ થશે. આ લાભ લેવા ઈચ્છતા હોય તેઓએ સંસ્થાનો સંપર્ક કરવો.

(૬) અવસાન સમયે ભોજન વ્યવસ્થા

પરિવારના કોઈ સ્વજનના અવસાન સમયે એક સમયની ભોજનની નિઃશુલ્ક સેવા. જેમાં જરૂરિયાત મુજબનું ભોજન ઘરે પહોંચતું કરવામાં આવે છે. આ માટે કોઈ પણ ટ્રસ્ટીનો સંપર્ક કરવાથી વ્યવસ્થા થઈ શકશે.

(૭) અમૃત મહોત્સવ વર્ષથી:

આર્થિક પ્રતિકૂળતા અને શૈક્ષણિક મેરીટને આધારે દર વર્ષ ધો. ૧૦, ૧૧, ૧૨ માં અભ્યાસ કરતા ૩ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને દત્તક લેવા. જેને આખા વર્ષનો અભ્યાસ ખર્ચ આપવામાં આવશે. (મહત્તમ રૂા. ૫૦,૦૦૦/- પ્રતિ વર્ષ - પ્રતિ લાભાર્થી)

આપણે એકબીજાના ચહેરાઓને યાદ કરીએ છીએ,
તે આપણો સ્વભાવ નથી.
લોકો આપણા ચહેરાને જોઈને તેમનો સ્વભાવ બદલી શકે છે,
તે આપણો સ્વભાવ છે.

પ્રથમ સોપાન



સ્નેહી સભ્યશ્રીઓ,

દર વર્ષે મે મહિનાના બીજા રવિવારે આંતરરાષ્ટ્રીય માતૃદિન ... ની ઉજવણી થાય છે. ફીલાડેલ્ફીઆ, અમેરિકાની એન્નાની માતાએ એક ચર્ચમાં મિત્રતા અને સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવા એક મહિલા ગ્રુપ (આજનું મહિલામંડળ) શરૂ કર્યું. પોતાની માતાના અવસાન બાદ એન્નાએ તેમની માતાની યાદમાં ૧૨ મે, ૧૯૦૭માં મેમોરીયલ સર્વિસનું આયોજન કર્યું. સમયાંતરે અમેરિકાના અન્ય રાજ્યોમાં અને ત્યારબાદ વિશ્વના અન્ય દેશોમાં 'મધર્સ ડે'ની ઉજવણી શરૂ થઈ. હાલ વિશ્વના ૪૦ થી વધુ દેશોમાં 'મધર્સ ડે' ઉજવાય છે.

માતાની મમતા, તેની સેવા પરાયણતા અને પરિવાર તેમજ સમાજ પ્રત્યેના તેમના નિઃસ્વાર્થ યોગદાનને યાદ કરી. આ દિવસે નારીશક્તિ રૂપ માતાઓને સન્માનિત કરી તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની આ સુંદર પ્રથા છે. માતૃદિન નિમિત્તે સંસ્થાની સર્વે સન્માનનીય માતાઓનું હાર્દિક અભિવાદન કરી તેઓને નમન કરી શુભેચ્છા પાઠવું છું.

૩૧ માર્ચ ૨૦૨૪ના રોજ માશ્રી માતંગી માના સાનિધ્યમાં સંસ્થાનો અમૃત મહોત્સવ શુભારંભ સમારોહ શ્રદ્ધા અને ભક્તિના વાતાવરણમાં ધામધૂમથી ઉજવાઈ ગયો. નાના-મોટા દરેક કાર્યોની સફળતા જે તે સંસ્થાના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, કાર્યકર્તાઓ, સ્વયંસેવકો અને સંસ્થાના સભ્યોના સાથ, સહકાર અને સમન્વય થકી જ શક્ય બને છે. આનું બેમિસાલ ઉદાહરણ આ સમારંભ હતો.

તમામ ટ્રસ્ટીઓએ તો તેઓને ભાગે આવેલ જવાબદારીઓ પોતાની ફરજના ભાગરૂપે પુરી નિષ્ઠાથી પૂર્ણ કરી બતાવી. સાથે સાથે મહિલા વીંગ અને યુથવીંગના સભ્યોએ પણ ખભે ખભા મીલાવી જબરૂ કાર્ય કરી બતાવ્યું. ખાસ ઉલ્લેખનીય સેવા પરદા પાછળ રહી ખડેપગે કાર્ય કરેલ તમામ નામી-અનામી સ્વયંસેવકોએ કરી બતાવી. નરોડા મંડળ અને કૃષ્ણનગર મંડળના નેતૃત્વમાં સમગ્ર કાર્યક્રમ દરમિયાન જે પરિશ્રમ તેઓએ કર્યો તે ધ્યાનાકર્ષક હતો. આ બધા ઉપરાંત હાજર તમામ સભ્યોના સહકાર, સંયમ, વર્તનથી કાર્યકરો ખૂબ જ પ્રભાવિત અને પ્રોત્સાહિત થયા. આમ મર્યાદિત સુવિધા છતાં સહિયારા પ્રયાસો, આપસી સમન્વય અને ધીરજના ફળસ્વરૂપ સમગ્ર કાર્યક્રમ નિર્વિઘ્ને સફળતા પ્રાપ્ત કરી શક્યો. આ સફળતાના સહભાગી દરેક-દરેકનું અંતરથી અભિવાદન કરવા સાથે આભાર વ્યક્ત કરૂં છું.

સવિશેષ ઉલ્લેખ કરવાનો છે સમગ્ર દિવસના ભોજનના દાતાશ્રી સ્વ. હર્ષદભાઈ મણીલાલ શાહ તથા શ્રી મુકેશભાઈ મણિલાલ શાહ પરિવારના શ્રી મુકેશભાઈ શાહ તથા શ્રી ભાવિનભાઈ શાહનો તથા સંસ્થાના અજય ઉદારદીલ દાતાશ્રીઓનો. અમો બધા ટ્રસ્ટીઓનું લક્ષ હતું કે, સંસ્થાના "અમૃત મહોત્સવ વર્ષ" નિમિત્તે સંસ્થા માટે વધુમાં વધુ ફંડ એકત્રિત કરવુ. જેથી સેવાકાર્યો માટે વધુ બજેટ ફાળવી શકાય અને તેથી જ આ આખું વર્ષ "અમૃત મહોત્સવ વર્ષ અનુદાન" અભિયાન ચાલુ રાખવાનો નિર્ણય કરેલ છે. સંસ્થાના દરેક દાતાશ્રીઓ સમક્ષ અમે અમારો આ આશય રજુ કર્યો. પરિણામ સ્વરૂપ સંસ્થાના ૧૧૦ થી પણ વધુ દાતા સભ્યશ્રીઓએ એક જ પ્રસંગે વધુમાં વધુ અનુદાન એકત્રિત કરવાનો આજ સુધીનો રેકર્ડ પ્રસ્થાપિત કર્યો. એક ખાસ વાત - સંસ્થાના અન્ય દાતાઓ સાથે સંસ્થાના તમામ ટ્રસ્ટીઓએ અને શ્રી માતંગી વેલફેર સોશીયલ ટ્રસ્ટના પણ તમામ ટ્રસ્ટીઓએ ઈચ્છાનુસાર પોતાનું અનુદાન આપી એક નવું દૃષ્ટાંત પૂરૂ પાડેલ છે. આ માટે નાના-મોટા, નામી-અનામી દરેક દાતાઓ પ્રત્યે અમારી સમગ્ર ટીમ વતી આભારની લાગણી પ્રદર્શિત કરૂં છું. સર્વે દાતાઓના પ્રેમ અને સહકાર થકી જ આ પ્રસંગ સફળતા પામ્યો છે તે નિર્વિવાદ છે.

આ વર્ષ દરમિયાન "અમૃત મહોત્સવ વર્ષ અનુદાન" અભિયાન અંતર્ગત સંસ્થાને પોતાની ઇચ્છા અનુસાર આર્થિક સહકાર આપતા રહેવા હાર્દિક અપીલ છે.

સંસ્થાના સભ્ય પરિવારોમાં આપસી ઓળખ અને આત્મિયતા વધારવા આપણી સંસ્કૃતિને અનુરૂપ સ્નેહમિલન જેવા કાર્યોનું આયોજન જરૂરી છે. પરંતુ સાથે-સાથે સંસ્થાની પ્રગતિ અને ઉત્થાન પ્રત્યે પણ ધ્યાન આપવું જરૂરી છે. દાતાઓ પણ આવા આશયથી પોતાનો અમુલ્ય સહકાર આપતા હોય છે. આ માટે સંસ્થા પણ જાગૃત છે.

શૈક્ષણિક ક્ષેત્રે "અમૃત મહોત્સવ વર્ષ"ની ભેટ અને યાદગીરી રૂપ "શૈક્ષણિક દત્તક યોજના"ની નવી શરૂઆત કરવા જઈ રહ્યા છીએ. જેમાં દત્તક લેવાયેલ આર્થિક રીતે જરૂરિયાતમંદ વિદ્યાર્થી - વિદ્યાર્થિનીમાં આખા વર્ષનાં અભ્યાસના ખર્ચની રકમ આપવામાં આવશે. આ અંગેની વિસ્તૃત માહિતી આ અંકમાં પ્રકાશિત કરવામાં આવેલ છે. સાથે સાથે દર વર્ષે જરૂરિયાતમંદને અપાતી સ્કોલરશીપનું બજેટ પણ વધારવાનું નક્કી કરીએ છીએ. ઉપરાંત ધોરણ ૧ થી ૧૨માં ઉત્તીર્ણ થતા બાળકોને દર વર્ષે અપાતી નોટબુકને બદલે અભ્યાસમાં કાયમી ઉપયોગમાં આવે તેવી વસ્તુઓ આપવાનો નવો ચીલો પણ આ વર્ષથી શરૂ થઈ રહ્યો છે. જેની માહિતી પણ આ અંકમાં આપવામાં આવેલ છે.

- બકુલ દોશી (પ્રમુખશ્રી)

SPARK

તારો કિંમતી સમય મારા શબ્દો સમજવામાં વ્યર્થ ના કર!
પણ સમજી શકો તો અર્થનો અનર્થ તો ના કર!!!

માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

- કમલેશ મુછાળા (માનદ્ મંત્રીશ્રી)

સંસ્થાનો અમૃત મહોત્સવ વર્ષનો ત્રિવેણી સંગમ સમાન ભક્તિ, શક્તિ અને સ્નેહમિલનનો શુભારંભ સમારોહ તા. ૩૧–૩–૨૦૨૪, રવિવારના રોજ કુળદેવીશ્રી મોઢેશ્વરી માતાજીના સાનિધ્યમાં મોઢેરા મંદિર ખાતે યોજાઈ ગયો.

દિવસ દરમિયાન માતાજીને ધજાજી ચડાવવાનો, નવચંડી મહાયજ્ઞનો અને ઈનામ–વિતરણ તથા સ્નેહમિલન સાથેના આખા દિવસના ભરચક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

સંસ્થાએ કરેલ વ્યવસ્થા મુજબ અમદાવાદના અલગ–અલગ વિસ્તારમાંથી ૭ (સાત) બસો દ્વારા આવેલ ૪૦૦ સભ્યો ઉપરાંત પોતાના વાહનોમાં આવેલ અન્ય સભ્યો મળીને કુલ ૮૦૦ થી પણ વધુ પરિવારજનોએ આ શુભારંભ સમારોહનો લ્હાવો લીધો હતો. સવારના ચા–કોફી અને ગરમ નાસ્તો કરીને સવારે ૧૦ વાગે ભક્તિ સાથે શક્તિની આરાધના એવા નવચંડી મહાયજ્ઞની શુભ શરૂઆત થઈ હતી. એક મુખ્ય યજમાન અને ૨૨ સહયજમાન સહિત કુલ ૨૩ યજમાન યુગલો, તેમના પરિવારજનો અને વિશાળ સંખ્યામાં સંસ્થાના સભ્યો આ પ્રસંગના સાક્ષી બન્યા હતા. મુખ્ય શાસ્ત્રી અને ૧૧ સહાયક શાસ્ત્રીઓએ શાસ્ત્રોક્ત વિધી સાથે સુમધુર સંગીત, શ્લોક અને ભજન સાથે હવનનો વિધિવત્ પ્રારંભ કરેલ હતો. યજમાનો સહિત હાજર અન્ય બહેનો–ભાઈઓએ હવનને અનુરૂપ ટ્રેડીશનલ પરિધાન સાથે પ્રસંગની શોભા વધારી હતી.

માતાજીનું સુશોભન, માતાજીના મંદિરનું સુશોભન, હવન હોલનું સુશોભન અને વિશાળ રંગોળીથી આખો પ્રસંગ દીપી ઉઠ્યો હતો. માતાજીની સાડી અને શૃંગાર શ્રી અનિલભાઈ દોશી તરફથી અર્પણ થયેલ. માતાજીને ૧૮ ફૂટ ધજાજી શુભેચ્છક સભ્ય તરફથી ચડાવવામાં આવેલ, જ્યારે હવનની પૂર્ણાહુતિ પછીનો પ્રસાદ રાજીવ બી. દોશી તરફથી આપવામાં આવેલ.

હવનની શરૂઆતની સાથે–સાથે શ્રી મોઢેશ્વરી માતાજીને ધજાજી અર્પણ કરવા માટે ૧૮ ફૂટ લાંબી ધજાજી સાથે મંદિરના મુખ્ય પ્રવેશદ્વારથી ઢોલ–નગારા સાથેની વિશાળ શોભાયાત્રા કાઢવામાં આવેલ. શોભાયાત્રા દરમિયાન દરેક ભાઈઓ–બહેનોએ ગળામાં સંસ્થાના અમૃત મહોત્સવના ઉપરણા અને હાથમાં ધજાઓ ધારણ કરી નાચતા–કુદતા અને ગરબાની રમઝટ સાથે લગભગ બે કલાકે વાજતે–ગાજતે માતાજીને મંદિરે પહોંચેલ હતા. આમ ધામધૂમ સાથે માતાજીને ધજાજી અર્પણ કરી ગુંબજ ઉપર પ્રસ્થાપિત કરવામાં આવેલ.

બપોરના બધા માટે ભોજનની વ્યવસ્થા સાથે હવનમાં બેસનાર દરેક યજમાનો, શાસ્ત્રીઓ અને અન્ય ઉપવાસીઓ માટે ફળાહારની વ્યવસ્થા અલગથી કરવામાં આવેલ.

ભોજન પછી નવચંડી મહાયજ્ઞની ફરી શરૂઆત થયેલ. શાસ્ત્રીઓના પડછંદ અવાજવાળા શ્લોકો અને ઢોલ–નગારા–મંજીરા અને ખંજરીના પડઘમ સાથે એક અનેરો આધ્યાત્મિક માહોલ ઉભો થયેલ હતો. હવનના અંતિમ ચરણરૂપી બીડું હોમવાનો શુભ પ્રસંગ બપોરના ૩–૩૦ કલાકે સંપન્ન થયો હતો. ત્યારબાદ માતાજીની ભવ્યતમ આરતીનો પ્રારંભ થયેલ અને હાજર સર્વે ભક્તગણની આંખોમાં એક અદ્ભૂત ભક્તિ અને લાગણીની અશ્રુધારા વહેતી થઈ હતી. દરેકના મન ઉપર એક અલૌકિક અનુભૂતિ સાથે માતાજીની સાક્ષાત હાજરી અનુભવાતી હતી.

બપોરના ચા–કોફી અને હળવા નાસ્તાને ન્યાય આપી સંસ્થાના સ્નેહમિલન, ઈનામવિતરણ અને મેગાહાઉસીનો સમારંભ શરૂ કરી આજના સમારંભના અતિથીવિશેષશ્રીઓ અને ઈનામના કાયમી દાતાઓને મંચ પર નિમંત્રીત કરવામાં આવેલ.

આજના આખા દિવસના ભોજનના દાતાશ્રીઓ અને સમારંભના અતિથીવિશેષ શ્રી મુકેશભાઈ મણીલાલ શાહ, શ્રી ભાવિનભાઈ હર્ષદભાઈ શાહ, શ્રીમતી મીનાબેન મુકેશભાઈ શાહ તથા ઈનામ વિતરકશ્રીઓ શ્રીમતી રજનીબેન ગાંધી, શ્રીમતી લીનાબેન જીજ્ઞેશ ગાંધી, શ્રીમતી લીનાબેન રાજેન્દ્ર ગાંધી, શ્રીમતી નિશાબેન જીવાણી, શ્રી મનીષભાઈ જીવાણી, શ્રી નીતીનભાઈ ગાંધી, શ્રી હર્ષદભાઈ શાહ, શ્રી અજયભાઈ શાહ તથા શ્રી સાગરભાઈ દોશીનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી કાર્યવાહી આગળ વધારવામાં આવેલ.

- ધો. ૧ થી ૧૨ માં પ્રથમ ત્રણ સ્થાને ઉત્તીર્ણ થનાર દરેકને સ્વ. કાંતિલાલ વાઘજીભાઈ ગાંધી તથા સ્વ. સુંદરજીભાઈ વાઘજીભાઈ ગાંધી પરિવાર તરફથી ઈનામો, ટ્રોફી અને સર્ટીફિકેટ આપવામાં આવેલ.
- ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશન પ્રાપ્ત કરેલ દરેકને અનુક્રમે શ્રી અનીલભાઈ નટવરલાલ શાહ પરિવાર તથા સ્વ. મનસુખલાલ દુર્લભજી જીવાણી પરિવાર તરફથી ટ્રોફી અને સર્ટીફિકેટ આપવામાં આવેલ.
- સ્પે. કેટેગરીની ટ્રોફી તથા સર્ટીફિકેટ શ્રી રસીકલાલ હિમતલાલ શાહ પરિવાર તરફથી અને ધો. ૧ થી ૭ માં ઉત્તીર્ણ થયેલ તમામ બાળકોને આશ્વાસન ઈનામો સ્વ. સવિતાબેન લક્ષ્મીચંદ દોશી પરિવાર તરફથી આપવામાં આવેલ.
- ધો. ૧૨ કોમર્સની રનીંગ ટ્રોફી સ્વ. ઉષાબેન મનસુખલાલ જીવાણી પરિવાર તરફથી, જ્યારે ધો. ૧૨ સાયન્સની રનીંગ ટ્રોફી સ્વ. જયંતિલાલ રતિલાલ શાહ પરિવાર તરફથી આપવામાં આવેલ.

રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતાનું સન્માન

સંસ્થાનો જ એક બાળક **જય મહેશભાઈ ગાંગડીયા** કે જે શારીરિક રીતે ૮૦ ટકા જેટલો વિકલાંગ છે, છતાં તેમનામાં ચિત્રકામ કરવાની અદ્‌ભૂત કળા છે. તેમણે આજ સુધીમાં ૩૫૦ થી વધુ ચિત્રો અને પેઈન્ટીંગ્ઝ તૈયાર કર્યા છે અને પોતે તૈયાર કરેલ ચિત્રો ગુજરાતના મુખ્યમંત્રીશ્રી, રાજ્યપાલશ્રી અને અન્ય રાજ્યોના મુખ્યમંત્રીઓ, રાજ્યપાલો, અધિકારીઓને ભેટ આપેલ છે. આર્ટ ગેલેરીઓમાં તેમના પેઈન્ટીંગ્ઝનું પ્રદર્શન અવારનવાર થાય છે અને અસંખ્ય એવોર્ડ મેળવેલ છે. ભારતના મહામહિમ શ્રીમતી દ્રૌપદી મુર્મુ દ્વારા જયને શ્રેષ્ઠ દિવ્યાંગજન-૨૦૨૩ નો રાષ્ટ્રપતિ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવેલ. મોઢ વણિક સમાજમાં આવું રાષ્ટ્રીય સન્માન મેળવનાર જય પ્રથમ વ્યક્તિ છે. આવા તેજસ્વી તારલા જય ગાંગડીયાનું સમારંભના અતિથી વિશેષશ્રી મુકેશભાઈ શાહના હસ્તે સુંદર સ્મૃતિચિહ્ન અને પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવેલ. જય ગાંગડીયાના જ અન્ય રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા મિત્ર કે જે ફક્ત બોલી જ શકે છે તે **ઓમ** વર્ષા જીતેશ વ્યાસનું પણ મેમેન્ટો-પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવેલ. ઓમ સંસ્કૃતના કોઈ પણ શ્લોક વાંચ્યા વગર કડકડાટ બોલી બતાવે છે. શ્રી અનિલભાઈ દોશી દ્વારા આ બંનેને રૂા. ૨૫૦૦/- નો પુરસ્કાર આપી અભિવાદન કરવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન માનદ્‌મંત્રીશ્રી કમલેશભાઈ મુછાળાના માર્ગદર્શનમાં પોતાના પ્રથમ પ્રયાસ છતાં શિવાની નિમેષ દોશી દ્વારા ખૂબ જ સુંદર રીતે કરવામાં આવેલ.

અંતમાં નાના-મોટા સૌ કોઈના મનગમતા મેગાહાઉસીના પ્રોગ્રામની શરૂઆત થઈ હતી. જેમાં અબાલ-વૃદ્ધ સહિત ૩૫૦ થી વધુ સભ્યોએ ભાગ લીધો હતો. જેમાં રોકડ ઇનામો ન આપતા ૧૦૦ ગ્રામ, ૫૦ ગ્રામ, ૩૦ ગ્રામ, ૧૦ ગ્રામ ચાંદીની લગડીઓ, ૧ ગ્રામ સોનાનું પેન્ડન્ટ, ચાંદીની ચેઈન, ચાંદીનું તનમનીયું અને અન્ય ચાંદીની વસ્તુઓ ઉપરાંત ટ્રુ-સ્ટોરીના હેમ્પર, સ્વાદના આચાર પેકેટ જેવા અસંખ્ય ઈનામો આપવામાં આવેલ. યુથવીંગના સભ્યોના સહકારથી મેગાહાઉસીનું સમગ્ર સંચાલન મહિલાવીંગની બહેનો દ્વારા સંચાલિત કરવામાં આવેલ.સમગ્ર દિવસના ભક્તિ, આરાધના, શ્રદ્ધા, સન્માન અને મનોરંજનના વિવિધ કાર્યક્રમોનો આનંદ માણી, અંતિમ ચરણરૂપી મહાપ્રસાદના સ્વાદિષ્ટ ભોજનની મજા માણી, અલૌકિક અને અનોખા સમારંભના શમણાની યાદ લઈ બધાએ અમદાવાદ પરત જવા પ્રયાણ કરેલ.

અમદાવાદથી ૧૦૦ કિમી. દૂર, મર્યાદિત સગવડો, અમદાવાદથી અલગ અલગ વિસ્તારમાંથી ૭ બસો દ્વારા સભ્યોને લાવવા-લઈ જવાનું અને ૮૦૦ થી વધુ પરિવારજનોની આગતા-સ્વાગતા અને સગવડો સાચવવાનું કાર્ય પડકારરૂપ હતુ. તમામ ટ્રસ્ટીઓ, મહિલાવીંગ-યુથવીંગના સભ્યો, પરદા પાછળના નામી-અનામી સ્વયંસેવકોની જહેમત, ધીરજ તથા સંયમ થકી નાની-મોટી અગવડ છતાં હાજર પરિવારજનોના સાથ-સહકાર થકી અને કુળદેવી શ્રી મોઢેશ્વરી માતાજીના આશીર્વાદ થકી સમગ્ર કાર્યક્રમ નિર્વિઘ્ને સફળતાપૂર્વક પૂર્ણ થયેલ હતો.

ટીમવર્ક વગર કોઈ કાર્ય સફળ થવું શક્ય નથી. પોતાની ફરજના ભાગરૂપે તમામ ટ્રસ્ટીઓએ પોતાને ભાગે આવેલ જવાબદારીઓ બખૂબી નિભાવી હતી. પરંતુ તે ઉપરાંત જે સ્વયંસેવકો કાર્યક્રમને સફળ બનાવવામાં સહભાગી થયા તેઓનો અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે. જયેશ એન. પારેખ, રાજેશ એન. પરીખ, વિમલ દામાણી, વિપુલભાઈ શાહ, ચિરાગભાઈ શાહ, પંકજભાઈ ગાંધી, દુષ્યંતભાઈ ગાંધી, ગીરીશભાઈ શાહ, જયેશભાઈ શાહ, વિમલભાઈ દોશી, ગોપેશભાઈ ગાંધી, ધર્મેન્દ્ર દિવાન, રાજીવ દોશી, ધીમંત દામાણી, ધર્મેન્દ્ર બાબુલાલ, શૈલેષ પારેખ, જયમીન રૂપાણી, જીગર શાહ, રાજુભાઈ સોલંકી, ઈશાન ફોજદાર, દીપક એ. શાહ, ચિરાગ નોતરીયા, વિમલ દિવાન, પાર્થ દામાણી, દક્ષેશ સી. શાહ, અભી દામાણી, પૂજન મહેતા, હિતેશ એસ. શાહ, નિલેશ કોઠારી, પ્રજ્ઞેશ દામાણી, જયેન્દ્ર એમ. શાહ, અશોકભાઈ મહેતા, હરેશભાઈ દામાણી તથા અન્ય સ્વયંસેવક ભાઈઓ-બહેનો પ્રત્યે સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

સદ્‌ગત સભ્યોને હાર્દિક શ્રદ્ધાંજલિ

સંસ્થાના નીચે જણાવેલ સભ્યોના દુઃખદ અવસાન થયેલ છે. સંસ્થા તેઓના અવસાનથી રંજની લાગણી અનુભવે છે. અવસાન પામેલ નીચેના તમામ સદ્‌ગત પ્રત્યે સંસ્થા હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

પરમકૃપાળુ પરમાત્મા તેઓના આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરવા સાથે તેઓના પરિવારજનો પ્રત્યે અંતરની સંવેદના વ્યક્ત કરીએ છીએ.

સ્વ. મુક્તાબેન રણછોડલાલ ગાંગડીયા	તા. ૧૨-૩-૨૪
સ્વ. જયસુખભાઈ પી. દામાણી	તા. ૧૫-૩-૨૪
સ્વ. રમાબેન છબીલદાસ શાહ	તા. ૨૯-૩-૨૪

ૐ શાંતિઃ ૐ શાંતિઃ ૐ શાંતિઃ

- પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ અને યુથવીંગ-મહિલાવીંગના સભ્યો

અમૃત-મહોત્સવ વર્ષે નવો શુભારંભ : "શૈક્ષણિક દત્તક યોજના"

"અમૃત મહોત્સવ વર્ષ અનુદાન અભિયાન" નિમિત્તે સંસ્થાના સભ્યોએ ફક્ત ફોન સંપર્કથી આપેલ અનુદાનની રકમે સંસ્થાને એક જ પ્રસંગે મળેલ અનુદાનની રકમનો રેકર્ડ સરજ્યો. છેલ્લા ૪-૫ વર્ષથી સંસ્થા દ્વારા થતા શૈક્ષણિક, તબીબી, અનાજ સહાય, કોવિડ ટીફીન સેવા અને અન્ય યોજનામાં સભ્યો દ્વારા નોંધનીય સહકાર મળતો થયો છે. ઉપરાંત અમુક દાતાઓ અજ્ઞાત રહીને પણ આવા સારા કાર્યો માટે જરૂર મુજબ ફંડ આપવા સામેથી તૈયારી બતાવે છે.

આ બધા નાના-મોટા, નામી-અનામી દાતાઓની સંસ્થા દ્વારા થતા સેવાકાર્યો પ્રત્યેની લાગણીથી પ્રેરાઈને અમૃત મહોત્સવ વર્ષની યાદગીરીરૂપ ઉપરોક્ત યોજના શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

અભ્યાસમાં ખૂબ જ હોંશિયાર અને ઉત્તમ સ્કીલ ધરાવતા સંસ્થાના એવા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ હોય છે કે જેઓને આર્થિક પ્રતિકૂળતાને કારણે પોતાની આગળની કારકીર્દી સાથે બાંધછોડ કરવી પડે છે અથવા છોડવી પડે છે. સંસ્થાના આવા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ માટે **"શૈક્ષણિક દત્તક યોજના"** શરૂ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

દર વર્ષે ધો. ૧૦-૧૧-૧૨માં અભ્યાસ કરતા આવા કુલ ૩ (ત્રણ) વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને તેઓની આર્થિક સ્થિતિ અને શૈક્ષણિક મેરીટને આધારે દત્તક લેવાનું આયોજન કરેલ છે. આ યોજનાની શરૂઆત આ વર્ષથી (આગામી શૈક્ષણિક સત્રથી) કરવામાં આવશે. જેમાં દત્તક લેવાયેલ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીના આખા વર્ષમાં અભ્યાસના ખર્ચનો સમાવેશ થશે.

(અધિકતમ રકમ રૂા. ૫૦,૦૦૦/- પ્રતિ વર્ષ - પ્રતિ લાભાર્થી)

નોંધ : (૧) ધોરણ-૧૦માં અભ્યાસ કરતા હોય અને દત્તક લેવામાં આવે તો તેને ધો.-૧૦-૧૧-૧૨ એમ ત્રણ વર્ષ આ સુવિધા મળશે. એ મુજબ ધો.-૧૧માં દત્તક લેવાયેલને ૨ વર્ષ અને ધો.-૧૨માં દત્તક લેવાયેલને ૧ વર્ષ આ સુવિધા મળશે.

(૨) આગળના વર્ષની સહાય મેળવવા માટે દત્તક લેવાયેલ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીએ દર વર્ષે પોતાનો એકેડમીક રીપોર્ટ આપવો જરૂરી છે. આ માટેનું ફોર્મ આ અંકમાં પ્રકાશિત કરેલ છે.

(સંસ્થા દ્વારા અપાતી સ્કોલરશીપ અને ઉચ્ચ અભ્યાસ માટે અપાતી વગર વ્યાજની લોનની યોજના રાબેતા મુજબ ચાલુ જ છે)

- પ્રમુખશ્રી તથા સર્વ ટ્રસ્ટીશ્રીઓ

શ્રી માતંગી વેલફેર સોશીયલ ટ્રસ્ટ, અમદાવાદ - કોષાધ્યક્ષનો અહેવાલ



- અજયભાઈ શાહ

સભ્યશ્રીઓ, જય શ્રી કૃષ્ણ,

આપણે સૌ જાણીએ છીએ કે, સંસ્થા દ્વારા સંસ્થાના જરૂરિયાતમંદ પરિવારોને છેલ્લા આઠ વર્ષથી દર મહિને પૂર્ણ કીચન કીટનું નિયમિત વિતરણ થાય છે. ઉપરાંત કેરીની સીઝનમાં એક બોક્સ કેરી અને દિવાળી નિમિત્તે સ્પેશિયલ દિવાળી કીટ પણ આપવામાં આવે છે. આ કાયમી પ્રોજેક્ટનું દર વર્ષનું બજેટ અંદાજે રૂા. ૪,૦૦,૦૦૦/- છે. સમાજના દાતાઓના સહકારથી આ યોજના સરળતાથી ચાલે છે.

માર્ચ-૨૦૨૪ ના સ્નેહસેતુમાં પ્રકાશિત કરેલ અનુદાનની યાદી પછી સંસ્થાની કીચન-કીટ યોજનામાં નીચે મુજબ અનુદાન આવેલ છે. સંસ્થા વતી આ દાતાઓનો હાર્દિક આભાર.

રૂા. ૧૫,૦૦૦-૦૦	એક શુભેચ્છક સભ્ય તરફથી
રૂા. ૫,૧૦૦-૦૦	શ્રી ભૂપેન્દ્રભાઈ હરીલાલ શાહ
રૂા. ૫,૦૦૦-૦૦	શ્રી પરેશભાઈ પ્રિતમલાલ ગઢીયા
રૂા. ૫,૦૦૦-૦૦	ડૉ. દ્વિજ મનોજભાઈ કોઠારી
રૂા. ૨,૧૦૦-૦૦	શ્રી જયંતભાઈ એમ. શાહ

કોઈ પણ કાર્ય એક હાથે થતું નથી કે એટલા ટ્રસ્ટી મંડળથી પણ થતું નથી. તેથી સંસ્થા વતી મારી નમ્ર વિનંતી છે કે આ સેવાલક્ષી કાર્યમાં પણ આપનું અનુદાન (ફુલ નહીં તો ફુલની પાંખડી) જરૂરથી લખાવશો.

અનુદાન માટે સંસ્થાના કોઈ પણ ટ્રસ્ટીનો સંપર્ક કરી શકો છો અથવા સંસ્થાના બેંક એકાઉન્ટમાં પણ રકમ જમા કરાવી શકો છો.

SHRI MATANGI WELFARE SOCIAL TRUST
BANK OF INDIA - GURUKUL BRANCH
SB A/C. No. 204810110008685
IFSC Code : BKID0002048

નોંધ : અનુદાનની રકમ ડાયરેક્ટ બેંકમાં જમા કરાવો કે ઓનલાઈન ટ્રાન્સફર કરો તો તેની જાણ વ્હોટ્સએપ દ્વારા સંસ્થાના કોઈ પણ ટ્રસ્ટીને કરવા વિનંતી.

કોષાધ્યક્ષ અહેવાલ

- શ્રી ભૂપેન્દ્ર પારેખ (કોષાધ્યક્ષ)

સ્નેહી સભ્યશ્રીઓ, જય શ્રી કૃષ્ણ

આપ સર્વેને જણાવતા ખૂબ જ આનંદ થાય છે કે આપ દરેકના સાથ–સહકારથી આપણી સંસ્થાના અમૃત મહોત્સવ વર્ષ નિમિત્તે તા. ૩૧–૦૩–૨૦૨૪ના રોજ મોઢેરા–ખાતે – મોઢેશ્વરી (કુળદેવી) માતાજીના સાનિધ્યમાં નવચંડી હવન – ધજા આરોહણ તથા સ્નેહમીલનનો પ્રોગ્રામ ખૂબ જ આનંદથી – વાજતે–ગાજતે અને રંગે ચંગે સંપન્ન થયેલ છે અને આ કાર્યમાં આપ દરેક તરફથી તન–મન અને ધનથી જે સહકાર પ્રાપ્ત થયેલ છે. તેનો વિશેષ આનંદ પ્રાપ્ત થયેલ છે અને હું દરેક ટ્રસ્ટી વતી હું આપ દરેકનો ખૂબ – ખૂબ દિલથી આભાર વ્યક્ત કરું છું અને ભવિષ્યમાં પણ માં સમાજના કાર્યમાં આપ દરેક તરફથી પણ આવો જ સહકાર મળી રહેશે તેનો મને પૂરેપૂરો ભરોસો છે. “અમૃત મહોત્સવ” નિમિત્તે આપના તરફથી મળેલ અનુદાન માર્ચ–૨૦૨૪ના અંકમાં પ્રકાશિત કરેલ હતું ત્યારબાદ આવેલ અનુદાનની યાદી અત્રે પ્રસ્તુત કરેલ છે.

રૂા. ૧૬૪૦૦૦/– સ્વ. હર્ષદભાઈ મણીલાલ શાહ તથા શ્રી મુકેશભાઈ મણીલાલ શાહ તરફથી ટોટલ ૩૮૯૦૦૦/– આવ્યા
રૂા. ૫૧૦૦૦/– સ્વ. સવાઈલાલ રતિલાલ શાહ પરિવાર
રૂા. ૨૧૦૦૦/– શ્રી હિરેનભાઈ જે. ધારૈયા
રૂા. ૨૧૦૦૦/– સ્વ. ગીતાબેન જે. ગાંધીના સ્મર્ણાર્થે હ. જીતુભાઈ ગાંધી
રૂા. ૧૧૦૦૦/– શ્રી શુભેચ્છક તરફથી
રૂા. ૧૧૦૦૦/– શ્રી નિલેષભાઈ ચંદુલાલ કલ્યાણી
રૂા. ૧૧૦૦૦/– શ્રી હર્ષદભાઈ બાલુભાઈ દોશી
રૂા. ૧૧૦૦૦/– ઉષાબેન રાજેન્દ્રભાઈ દોશી
રૂા. ૧૧૦૦૦/– શ્રી રાજેશભાઈ વાડીલાલ અંબાણી
રૂા. ૧૧૦૦૦/– સ્વ. ભુપેન્દ્રભાઈ દામાણીના સ્મર્ણાર્થે હસ્તે. સુમીતભાઈ દામાણી
રૂા. ૧૧૦૦૦/– શ્રી મનીષભાઈ જીવાણી
રૂા. ૫૧૦૦/– શ્રી જીતુભાઈ જી. શાહ
રૂા. ૫૧૦૦/– શ્રી જીતેન્દ્રભાઈ શાંતિલાલ પારેખ (પાલીતાણા)
રૂા. ૫૧૦૦/– શ્રી રાજેશભાઈ રમણલાલ શાહ (અંકલેશ્વર)
રૂા. ૫૧૦૦/– શ્રી ઉમાકાંત બચુભાઈ પારેખ
રૂા. ૭૫૫૧/– ગં.સ્વ. પુષ્પાબેન અમીચંદભાઈ મહેતા હ. જયેન્દ્રભાઈ મહેતા
રૂા. ૫૧૦૦/– શ્રી પ્રમોદભાઈ કરશનદાસ પારેખ
રૂા. ૫૧૦૦/– શ્રી ભૂપેન્દ્રભાઈ હરીલાલ શાહ
રૂા. ૫૦૦૦/– શ્રી મુકેશભાઈ રસીકલાલ શાહ
રૂા. ૫૦૦૦/– ગીતાબેન ઈશ્વરભાઈ દોશી
રૂા. ૫૦૦૦/– શ્રી ચંદ્રકાન્તભાઈ કે. શાહ
રૂા. ૫૦૦૦/– શ્રી ચિરાગભાઈ હિતેષભાઈ મહેતા
રૂા. ૫૦૦૦/– સ્વ. લતાબેન દુર્લભજી ગાંગડીયાના સ્મર્ણાર્થે હ. અનિલભાઈ ગાંગડીયા
રૂા. ૫૧૦૦/– શ્રી નવીનચંદ્ર ધારશીભાઈ દોશી
રૂા. ૫૦૦૦/– શ્રી હરેશભાઈ એસ. પરીખ
રૂા. ૫૦૦૦/– શ્રી પ્રફુલભાઈ ચંદુલાલ દોશી
રૂા. ૫૦૦૦/– શ્રી વસંતરાય વેણીલાલ મહેતા
રૂા. ૫૦૦૧/– શ્રી ભરતભાઈ જે. ગાંધી
રૂા. ૩૧૦૦/– શ્રી વિજયભાઈ કલ્યાણી
રૂા. ૨૫૦૦/– શ્રી રાજેશભાઈ એન. પરીખ
રૂા. ૨૫૦૦/– સ્વ. મધુસુદન એ. દોશીના સ્મર્ણાર્થે હ. નયનાબેન
રૂા. ૨૫૦૦/– શ્રી કૃષ્ણકાંત રતિલાલ ગાંધી
રૂા. ૨૫૦૦/– શ્રી આશીષભાઈ પ્રવીણચંદ્ર કલ્યાણી
રૂા. ૨૧૦૦/– શ્રી અજયભાઈ જયંતીભાઈ શાહ
રૂા. ૨૧૦૦/– શ્રી હસમુખભાઈ ચુનીલાલ શાહ
રૂા. ૨૧૦૦/– શ્રી મહેન્દ્રભાઈ માણેકલાલ પારેખ
રૂા. ૨૧૦૦/– શ્રી પ્રકાશભાઈ પ્રાણલાલ મહેતા
રૂા. ૨૧૦૦/– શ્રી જયેન્દ્રભાઈ મણીલાલ શાહ
રૂા. ૨૨૦૦/– શ્રી અશ્વિનભાઈ દામાણી
રૂા. ૨૧૦૦/– શ્રી તેજસ મુકુન્દભાઈ શાહ
રૂા. ૨૧૦૦/– શ્રી ઇંદુભાઈ એસ. શાહ
રૂા. ૨૧૦૦/– સ્વ. લતાગૌરી ચીનુભાઈ દોશીના સ્મર્ણાર્થે
રૂા. ૨૧૦૦/– શ્રી સુમનભાઈ રતિલાલ શાહ
રૂા. ૨૧૦૦/– સ્વ. અરવિંદભાઈ જે. ચંદુભાઈ ગાંધીના સ્મરણાર્થે હ. રાજેન્દ્રભાઈ
રૂા. ૨૧૦૦/– સ્વ. લલીતાબેન અરવિંદભાઈ ગાંધીના સ્મરણાર્થે હ. રાજેન્દ્રભાઈ
રૂા. ૨૧૦૦/– શ્રી હર્ષદભાઈ પ્રેમચંદ અંબાણી
રૂા. ૧૫૦૦/– શ્રી જયેશભાઈ મનુભાઈ શાહ
રૂા. ૧૫૦૦/– શ્રી વિરેનભાઈ મનુભાઈ શાહ
રૂા. ૧૫૦૦/– શ્રી શૈલેષભાઈ નોતરીયા
રૂા. ૧૫૦૦/– શ્રી રોહીતભાઈ રમણીકલાલ દોશી
રૂા. ૧૫૦૦/– શ્રી ગીરીશભાઈ એલ. ગાંધી
રૂા. ૧૧૦૦/– શ્રી ચંપકભાઈ ભગવાનજી મુછાળા
રૂા. ૧૧૦૦/– શ્રી પંકજભાઈ પ્રેમચંદભાઈ શાહ

રૂા. ૧૧૦૦/– શ્રી ભુપેશભાઈ ધીરજલાલ દોશી
રૂા. ૧૧૦૦/– શ્રી કૃષ્ણકાંત આર. દામાણી
રૂા. ૧૧૦૦/– શ્રી ઉમાકાંત બચુભાઈ પારેખ
રૂા. ૧૧૦૦/– શ્રી મહેશભાઈ અમૃતલાલ દોશી
રૂા. ૧૧૦૦/– શ્રી અતુલભાઈ ઉમેદચંદ્ર અંબાણી
રૂા. ૧૧૦૦/– શ્રી હરેશભાઈ દોશી
રૂા. ૧૧૦૦/– શ્રી નિકુંજ હરેશભાઈ કલ્યાણજી
રૂા. ૧૧૦૦/– શ્રી કિશોરભાઈ ફોજદાર
રૂા. ૧૧૦૦/– વનીતાબેન શાંતીલાલ શાહ
રૂા. ૧૧૦૦/– શ્રી વિજયભાઈ ભોગીલાલ અંબાણી
રૂા. ૧૦૦૦/– શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ
રૂા. ૧૦૦૦/– સ્વ. ઈંદુબેન અમૃતલાલ દોશીના સ્મરણાર્થે
રૂા. ૧૦૦૦/– સ્વ. અમૃતલાલ બી. દોશીના સ્મરણાર્થે
રૂા. ૧૦૦૦/– સ્વ. કંચનબેન હરીહરભાઈ પારેખના સ્મરણાર્થે
રૂા. ૧૦૦૦/– સ્વ. ચીનુભાઈ મગનલાલ દોશીના સ્મરણાર્થે
રૂા. ૧૦૦૦/– શ્રી પ્રતાપભાઈ તારાચંદ શાહ
રૂા. ૧૦૦૦/– જયશ્રીબેન મધુભાઈ ગાંધી
રૂા. ૫૦૧/– સ્વ. ઈનાક્ષીબેન બટુકભાઈ મહેતાના સ્મરણાર્થે
રૂા. ૫૦૧/– શ્રી ભરતભાઈ જગમોહનદાસ દામાણી
રૂા. ૫૦૧/– શ્રી કમલેશભાઈ ચુનીલાલ દોશી
રૂા. ૫૦૦/– શ્રી દિનેશભાઈ મનસુખલાલ મોદી (વેરાવળ)
રૂા. ૨૫૧/– શ્રી રવિન્દ્રભાઈ જદુલાલ મેસવાણી
રૂા. ૨૧૦૦/– શ્રી મનોજભાઈ આર. કોઠારી ૨–૩–૨૪ મેડિકલ ફંડ
રૂા. ૨૧૦૦/– શ્રી મનોજભાઈ આર. કોઠારી ૨–૪–૨૪ મેડિકલ ફંડ

ઉપરોક્ત તમામ દાતાઓનો ટ્રસ્ટી મંડળવતી હું હૃદયથી ખુબ ખુબ આભાર માનું છું.

(નોંધ : શરતચૂકથી કોઈના અનુદાનની યાદી લખવાની રહી ગયેલ હોય અથવા કોઈ ભૂલચૂક થયેલ હોય તો મો.નં. ૯૮૨૫૦ ૨૨૧૪૨ ઉપર જણાવવા વિનંતી)

આપનું અનુદાન નીચે જણાવેલ બેંક ખાતામાં જમા કરાવી શકો છો.
જમા કરાવેલ રકમ અંગેની જાણ મને કરવા વિનંતી. (મો. ૯૮૨૫૦૨૨૧૪૨)

સંસ્થાના બેંક ખાતાની વિગત

SHRI SAURASHTRA DASHA MODH MANDLIA VANIK MAHAJAN
BANK OF INDIA, Railwaypura Branch
SB A/c. No.: 201710100009502
IFSC Code: BKID0002017

શ્રી માતંગી વેલફેર સોશીયલ ગ્રુપ, અમદાવાદ – માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

- શ્રી વિમલભાઈ મુછાળા



સભ્યશ્રીઓ, જય શ્રી કૃષ્ણ

"૨૦૨૪/૨૫ની કોલજાનીની રકમ જમા કરાવવા અંગે"

સંસ્થાની "સુરક્ષા–છત્ર"ની યોજનામાં જોડાયેલા તમામ સભ્યોને નવા વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૪/૨૫ની કોલમનીની રકમ વ્યક્તિ દીઠ રૂા. ૪૦૦ + રૂા. ૧૦૦ વહીવટી ખર્ચ મળી કુલ રૂા. ૫૦૦/– વહેલી તકે જમા કરાવવા વિનંતી. આપની કોલમનીની રકમ તમે નીચે જણાવેલ બેંક ડીટેઈલ પ્રમાણે ઓનલાઈન પેમેન્ટ દ્વારા અથવા ચેકથી પણ જમા કરાવી શકો છો.

SHRI MATANGI WELFARE SOCIAL TRUST
BANK OF INDIA - GURUKUL BRANCH
SB A/C. No. 204810110008684
IFSC Code : BKID0002048

નોંધ : કોલમનીની રકમ જો ડાયરેક્ટ બેંકમાં જમા કરાવો તો તેની માહિતી વ્હોટ્સએપ દ્વારા તમને જે ટ્રસ્ટીએ મેમ્બર બનાવેલ હોય તેને જાણ કરવા વિનંતી.

સર્વે ટ્રસ્ટીશ્રીઓને પણ ખાસ જણાવવાનું કે તમારા હસ્તક બનેલ સભ્યોની કોલમનીની રકમ વહેલી તકે જમા થઈ જાય તે માટે સભ્યોનો સંપર્ક કરે.

સહકારની અપેક્ષા સહ – આભાર.

નોટબુક વિતરણ અંગે કંઈક નવું કંઈક અનોખું

કાળઝાળ ગરમી અને વેકેશનની મઝા માણતા હશો. કેસર કેરીનો આનંદ લેતા હશો. બાળકોના રિઝલ્ટ પણ આવી ગયા હશે. આશા છે ખૂબ જ સારા આવ્યા હશે અને આ બધા ઉપરાંત બાળકો માટે નવા સત્રના અભ્યાસની તૈયારી પણ કરતા હશો.

ઘણા વર્ષના અનુભવથી એવું તારણ નીકળે છે કે, બાળકોને નોટબુકો કાં તો સ્કૂલોમાંથી લેવી પડે છે અથવા અમુક પ્રકારની લાઈનીંગવાળી નોટબુકોની જરૂર હોય છે. સંસ્થા દ્વારા અપાતી નોટબુકો તેમની જરૂરિયાતથી બહુ ઓછી હોય છે. ઉપરાંત અન્ય ઘણીબધી સંસ્થાઓ તરફથી વ્યાજબી અને સસ્તા દરે નોટબુકો મળે છે. આ બધા કારણોસર આપણું નોટબુકનું વિતરણ વર્ષો–વર્ષ ઘટતું જાય છે અને તેથી બાળકોની માર્કશીટો આવવાનું પ્રમાણ ઘટતું જાય છે.

આ બધી બાબતો ધ્યાનમાં લઈ કંઈક નવું, કંઈક અનોખું કરવાના આશયથી "અમૃત મહોત્સવ" વર્ષ નિમિત્તે આ વર્ષથી નોટબુકને બદલે સ્કૂલ બેગ અને લેપટોપ બેગનું વિતરણ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

દર વર્ષની માફક જ ધોરણ–૧ થી ૧૨માં પ્રવેશ મેળવનાર સંસ્થાના દરેક વિદ્યાર્થી–વિદ્યાર્થિનીને સ્કૂલ બેગ / લેપટોપ બેગનું વિતરણ કરવામાં આવશે. ધો. ૧ થી ૭ માં પ્રવેશનાર બાળકોને સ્કૂલ બેગ અને ધો. ૮ થી ૧૨માં પ્રવેશ મેળવનારને લેપટોપ બેગ આપવામાં આવશે.

વિતરણ વ્યવસ્થા માટે નીચે મુજબના મુદ્દા ધ્યાનમાં લેવા જેથી કરી આપને અગવડ પડે નહીં તેમજ વિતરણ વ્યવસ્થા પણ જળવાઈ રહે.

(૧) આ બેગ પેક ૧ થી ૧૨માં ધોરણમાં પ્રવેશ મેળવનાર બાળકોને જ આપવામાં આવશે.
(૨) આ બેગ પેક લેતી વખતે આપના બાળકની માર્કશીટ આગળ પાછળની ઝેરોક્ષ કઢાવી. તેમજ પાછળની સાઈડ ઉપર પરિવારનો કુટુંબ રેફરન્સ નંબર તેમજ વાલીનું સંપૂર્ણ નામ–અટક સાથે તેમજ મોબાઈલ નંબર લખવો જરૂરી છે.
(૩) આ બેગ પેક લેવી મરજીયાત છે. જો આપને તેની જરૂરિયાત ના હોય તો પણ આપના બાળકોની માર્કશીટ ઝેરોક્ષ આપવી જરૂરી છે. આપની માર્કશીટનો ઉપયોગ વાર્ષિક મેળાવડા વખતે ઈનામ વિતરણ માટે થાય છે.
(૪) અત્રે ખાસ જણાવવાનું કે આ બેગ પેક તમારા રહેણાંકની નજીકના વિતરણ સ્થળ ઉપરથી મેળવવાની રહેશે.
(૫) બેગ પેક વિતરણનો સમય સવારે ૯:૩૦ થી ૧૨:૦૦ તેમજ સાંજે ૬:૩૦ થી ૮:૩૦ સુધીનો રહેશે.
(૬) બેગ પેક લેવા માટે વિતરણ સ્થળ ઉપર ફોન કરીને જ જવું જેથી કરી કોઈ જાતની અડચણ ના થાય.
(૭) **આ વિતરણ ૧/૬/૨૪ થી ૩૦/૭/૨૪ સુધી રહેશે.**
(૮) ગ્રેજ્યુએશન / પોસ્ટ ગ્રેજ્યુએશન તેમજ જુનીયર તેમજ સીનીયર કેજીના બાળકોની માર્કશીટ આપવી ખાસ જરૂરી છે. જે વાર્ષિક મેળવાડા વખતે ઈનામ માટે ઉપયોગમાં લેવામાં આવશે.

વિસ્તાર મુજબ વિતરણ કેન્દ્ર નીચે મુજબ છે.

૧)	કૃષ્ણનગર	શ્રી ચંપકભાઈ મુછાળા	૯૪૦૯૦૫૪૬૭૮
૨)	નરોડા	શ્રી મનોજભાઈ દિવાન	૯૩૭૭૧૭૨૪૯૧
૩)	નારણપુરા	શ્રી સુરેશભાઈ શાહ	૯૯૦૪૨૨૨૭૧૧
૪)	સેટેલાઈટ	શ્રી રાજીવભાઈ દોશી	૯૦૯૯૯૩૧૫૧૩
૫)	સરસપુર	શ્રી નવીનભાઈ દોશી	૯૮૨૫૪૮૬૨૫૪
૬)	ગાંધીનગર	શ્રી વસંતભાઈ કલ્યાણી	૯૮૭૯૭૪૮૩૩૬
૭)	બોપલ	શ્રી પંકજભાઈ ગાંધી	૯૯૭૯૭૫૬૯૬૦
૮)	મણિનગર	શ્રી દિલીપભાઈ ગાંધી	૯૪૨૬૦૮૬૯૬૯

"Education is the most powerful weapon,
which you can use to change the world..."
– Nelson Mandela

લક્ષ વગરની દોડ એ ગતિ છે, લક્ષ સાથેની દોડ એ પ્રગતિ છે

શ્રી જયેશ પરીખ (ઉપપ્રમુખ, સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર - બૃહદ)

પ્રિય પરિવારજનો,

લક્ષ, ધ્યેય, લક્ષ્ય, aim એ દરેકના જીવનમાં અતિ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

"નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન"

દરેક વ્યક્તિ એ પોતાના જીવનમાં ઉચ્ચ ધ્યેય રાખવું જોઈએ, અને તે ધ્યેય પ્રાપ્તિ માટે ઉત્કૃષ્ટ તથા ઉચ્ચતમ પ્રયાસો કરવા જોઈએ. ફરિયાદ ઓછી કરનાર અને સક્રિયતા વધુ રાખનારને ધ્યેય પ્રાપ્તિમાં પરિણામ જલ્દી મળે છે. સિંહ જંગલનો રાજા હોવા છતાં તેને શિકાર કરવા માટે પ્રયત્ન કરવો જ પડે છે. સૂતેલા સિંહના મુખ મા શિકાર આપોઆપ આવી જતો નથી. જીવનમાં સફળતાનો કોઈ short cut નથી. આજનું મહત્ત્વ જીવનમાં વધારે છે. આજને comfortable બનાવવા જશો તો uncomfortable બની જશો.

આજને કુરબાન કરશો તો સુંદર ભવિષ્ય નિર્માણના દ્વાર ખૂલી જશે. પોતાની જાતને મજબૂત બનાવો, મજબૂર નહીં.

Always Think Big - Grow Big.

"સપના જોવાની જેની આદત છે, તેની જ પૂર્ણ કરવાની કાબેલિયત છે."

મિત્રો, જે માણસ ગતિ અને મતીને એક લાઈનમાં રાખી શકે તેની ચોક્કસ પ્રગતિ થાય છે. ગતિ અને મતીને સાથે રાખવા માટે સમજ અને ધીરજને સાથે રાખવા પડે. પ્રયત્ન સાથે પ્રેરણા અને પ્રોત્સાહન પણ એટલા જ જરુરી છે. મહાત્મા ગાંધીજીનું ઉદાહરણ લઈએ તો

He picked up pinch of salt and broke the British Rule. સ્વરાજ માટેનો શું અડગ મનનો નિશ્ચય છે ! સત્ય, અહિંસા અને કરુણાનો માર્ગ સૌને બતાવ્યો છે. સાબિત કર્યું છે કે સાચા અને અડગ મનના માણસને રસ્તામાં હિમાલય હોય તોપણ તે નડતો નથી. નિર્ભય અને અભય કેવી રીતે રહેવું. વ્યર્થ અને અનર્થને દૂર કેવી રીતે રાખવા. યથાર્થ અને પરમાર્થની સાથે કેવી રીતે રહેવું, તેમજ માનવ જીવનને સમર્થ અને સાર્થક કેવી રીતે બનાવવું તેની શીખ આપે છે.

પ્રિયજનો, ચાર સિદ્ધાંતો જીવનમાં આપને કાર્ય સફળતા માટે જીવનભર કામમાં આવશે.

(૧) જે સાચું અને સારું છે તેને હંમેશા યાદ રાખો.

(૨) જે સાચું અને સારું છે, તેની સાથે પ્રેમ અને સ્નેહીનો નાતો કાયમ રાખો.

(૩) જેના ઇરાદા સત્કાર્ય માટે મક્કમ હોય તેને હંમેશા સાથ આપો.

(૪) બાહ્ય સુંદરતાને મહત્ત્વ ના આપો, પરંતુ જે ભીતરથી સુંદર છે અને જેનામાં ભીતરની ભીનાશ છે તેને હૃદયમાં સ્થાપિત કરો.

"સાથ આપવાવાળા હાલત જોતા નથી, હાલત જોવાવાળા સાથ આપતા નથી."

મિત્રો જીવનયાત્રામાં બધા જ પ્રયત્નોમાં કદાચ સફળતા ના પણ મળે, પરંતુ બધી સફળતાનું કારણ પ્રયત્નો જ હોય છે, એ મનમાં ફીટ કરી દેજો. શ્રેષ્ઠ કર્મ એ નથી કે જેનું પરિણામ શ્રેષ્ઠ હોય, પરંતુ શ્રેષ્ઠ કર્મ એ છે કે જેનો હેતુ અને ઉદ્દેશ "સર્વશ્રેષ્ઠ" હોય.

ધારેલા ધ્યેયની પ્રાપ્તિ માટે ઉત્સાહી તન અને સંયમિત મન હોવું આવશ્યક છે. માણસના ગુણોની પરખ તેના ભાવ, હાવભાવ અને સ્વભાવ ઉપરથી આત્મસાત કરવાની આવડત હોવી જરૂરી છે.

(૧) વધારે પડતો બોલનાર માણસ પોતાનો કક્કો સાબિત કરવાના પ્રયત્નમાં હોય છે.

(૨) વધારે પડતો વિચારશીલ માણસ ડિપ્રેશનની નજીક હોઈ શકે છે.

(૩) વધારે પડતો લાગણીશીલ, ભાવુક અને રડતો માણસ તેની દીર્ઘદૃષ્ટિ ગુમાવે છે.

(૪) વધારે પડતાં પ્રેમાળ માણસને ભાગે મેળવવાનું ઓછું અને ગુમાવવાનું વધારે આવે છે.

(૫) વધારે પડતો વિશ્વાસ કે આંધળો વિશ્વાસ વિશ્વાસઘાતમાં પરિણમી શકે છે.

આ પંચામૃતને જીવનભર સાથે રાખશો. તે તમારી મંઝિલને પહોંચવાના રસ્તાને સરળ બનાવશે. લક્ષ્ય પ્રાપ્તિના માર્ગને પ્રેમ અને સ્નેહ સમૃદ્ધ બનાવશે.

મિત્રો, રોજ સવારે ઉઠતાની સાથે એક સંકલ્પ કરો કે આજે મારા મનને રાજીપો થાય તેવું એક કાર્ય મારે આજે કરવું છે. જે કાર્યથી કોઈ નો દિવસ કે કોઈની જિંદગી સુધરતી હોય તો તેનાથી ઉત્તમ કાર્ય કોઈ નથી. જો તમે કોઈના મુખ ઉપર નિર્મળ હાસ્ય લાવી શકો તો તે તમારા જીવનની સર્વોત્તમ અને યાદગાર પળ બની રહેશે. તમને આનાથી Positive ઊર્જા મળશે. જીવનનો સોનેરી નિયમ છે કે ભેગું કરેલું ભોગવી શકો કે નહીં, પરંતુ ભેગું કરવા માટે જે કર્મ કર્યાં હશે તે તો તમારે જ ભોગવવા પડશે.

"મોકા દે ઉસે ધોકા મત દેના, ધોકા દે ઉસે મોકા મત દેના."

માણસ જેવા દેખાય છે એવા હોતા નથી, અને જેવા હોય છે એવા કદી દેખાતા નથી."

ધ્યેય પ્રાપ્તિ માટે ઉંમરને કોઈ સંબંધ નથી. ગમે તે સમયે ગમતું કાર્ય સફળતાપૂર્વક કરી શકો છો. નિસ્વાર્થ કર્મ કરતાં રહો, જે પણ થશે તે સારું જ થશે. Late ભલે થાય પણ Latest થશે. તેની હૈયાધારણ રાખજો.

પરિવારજનો, સ્વામી વિવેકાનંદજીની સચોટ વાત યાદ કરીએ....

જાગો, ઉઠો અને જ્યાં સુધી ધ્યેય પ્રાપ્તિ ના થાય ત્યાં સુધી મંડ્યા રહો.

આપ સૌ લક્ષ્ય પ્રાપ્તિ માટે અથાક પ્રયત્ન કરો અને સફળતા આપના કદમ ચૂમે તેવી પ્રભુ પ્રાર્થના.

જયેશ અને નિહારિકાના વંદન
રાહી ફાઉન્ડેશન

જે છો એ જ રહો, દેખાડો ના કરો

પ્રિય પરિવારજનો,

"મીઠો, ખાટો તો કદી ખારો છે, માણસ ક્યાં રોજ એકધારો છે."

... પ્રભુ એ માનવનું અદ્‌ભુત સર્જન કર્યું છે. આપણને માનવ દેહ મળ્યો એ કેવળ ઈશ્વર કૃપા જ છે. આપણને જે આપવાનું છે તે સર્વશ્રેષ્ઠ આપીને જ પૃથ્વી પ્રવાસે મોકલ્યા છે. ભાગ્ય લઈને આવવાનું અને સત્કર્મોનું ભાથું લઈને જવાનું. આજના આધુનિક યુગમાં માણસને મેળવવાની અધીરાઈ વધુ છે અને તેનાથી વધુ જે છે તેને ખોવાનો ડર છે. એ જ માનવજીવન સફરનો સારાંશ છે. માણસ સુખી હોવા કરતાં પોતે સુખી છે તે દેખાડો કરવામાં વધુ તકલીફમાં મુકાય છે. બીજાની સાથે સરખામણી કરીને વધુ દુ:ખી થાય છે. આ વણથંભી દોડમાં ભૂલો થવાનો સંભવ રહે છે.

"ભૂલ કરવા માટે કોઈ સમય સારો નથી, ભૂલ સુધારવા માટે કોઈ સમય ખરાબ નથી."

મિત્રો, જિંદગીમાં જેવા છીએ તેવા રહેવાથી જીવન યાત્રા સરળ અને સહજ રહે છે. ખોટો દેખાડો અને ભપકો બતાવવામાં મન શાંતિ હણાઈ જાય છે. માણસ તણાવયુક્ત રહે છે.

પ્રિયજન, જિંદગી મોજ, મજા અને નિરાંતની જીવવા માટે રચનાત્મક અભિગમ રાખવો જરૂરી છે. હંમેશા વાસ્તવિકતાને નજર સમક્ષ રાખજો જેથી બિનજરૂરી વાદવિવાદમાં ફસાવાય નહીં. સકારાત્મકતાથી માનસિક સ્વસ્થતા રહે છે. જીવન સંપૂર્ણ રીતે જીવવા માટેના સોનેરી નિયમો.

(૧) જીવનને ગૂંચવાડાવાળું બનાવશો નહીં. આ જીવન આજીવન નથી. એક દિવસ પૂરો થયો તે ગયો, પરત આવવાનો નથી. સમય મૂલ્યવાન છે. તેનો સદુપયોગ કરજો.

(૨) જીવનમાં ગમે તેવી મુશ્કેલી આવે, ગભરાયા વિના તેનો ધીરજથી સામનો કરો. નિરાશ થઈને છોડી દેશો નહીં. પ્રયત્નો થકી ચોક્કસ પરિણામ મળશે.

(૩) આપની સમસ્યાને વાગોળવાની અને તેની ચર્ચા કરવાની ખરાબ આદત આપણા સૌમાં છે. તેનાથી ફાયદો થવાને બદલે નુકસાન થાય છે. આ ટેવ છોડી અને આનંદની વાત હંમેશા કરો.

(૪) સારી વસ્તુ તેને મળે છે જે શ્રદ્ધા અને આસ્થા ધરાવતો હોય છે. ઉત્તમ વસ્તુ તેને મળે છે જે ધૈર્યવાન હોય છે. અને સર્વોત્તમ એને મળે છે જે અથાક, અવિરત અને નિરંતર પ્રયાસ કરે છે. કદી છોડતો નથી.

(૫) સરળ જીવન માટે પ્રાર્થના ના કરો. મુશ્કેલીના વખતમાં પ્રભુ ઉર્જાવાન અને શક્તિવાન બનાવે તેવી પ્રાર્થના કરો.

(૬) નિરાશા તમને ખતમ કરવા નથી આવતી, બલ્કે તમે સામનો કરવા શક્તિશાળી બનો અને મંઝિલ સુધી પહોંચી શકો.

(૭) જે આપણી પાસે નથી તે મળવાથી સુખી થવાતું નથી, પરંતુ જે સત્કાર્ય આપણે કર્યા છે તેનાથી સુખી થવાય છે.

(૮) તમારી સલાહને નહી અનુસરતા, તમારા સંતાનો તમારો દાખલો લેશે.

(૯) તમે એક દિવસ સ્મરણમાં જશો ત્યારે કેવળ તમારા સત્કાર્યો જ બોલશે.

(૧૦) સંગત સારા લોકોની કરો.

આ મસ્ત મજાની જિંદગીમાં આનંદની અનુભૂતિ અને સ્નેહનો સાક્ષાત્કાર સદૈવ કરો, સાથોસાથ જેવા છો તેવા રહો, મોજ કરો અને કરાવો તેવી શુભેચ્છા અને શુભકામનાઓ.

જયેશ અને નિહારિકાના વંદન
રાહી ફાઉન્ડેશન

Monday MARK by RAJEEV MANIAR

Rajeev Maniar
Life Skill Mentor & Trainer
9825028399
www.rajeevmaniar.com



TICKET

Once a person was travelling in a Bus. The conductor asked "Which type of ticket you would like to purchase"?

The person was surprised – He asked – I see the same kind of seats everywhere… What do you mean by which type of ticket you want?

The conductor replied – We have 3 types of tickets with different prices – 1st Class, 2nd Class & 3rd Class!

The person asked - What is the difference in these tickets? The conductor replied – There are chances that the bus may face breakdown...

In that case – If you have bought a 1st Class ticket – you can sit & relax in the bus.

If you have bought a 2nd class ticket – you will have to get down & wait.

But if you have bought a 3rd class ticket – you will have to push the bus to get it started! Which class ticket you will buy?

Friends – The "BUS" means "OUR OWN LIFE"!

The 1st class ticket owners are the ones who take their own decisions & plan their Life... If Life stops somewhere they will sit & have time to re-think their decisions.

The 2nd class ticket owners are the ones who will wait for the bus to start... These are the people who will never know how come their life has stopped & how to re-start!

The 3rd class ticket owners are the ones who will have to push the bus to start... These are the ones who are always pushing their lives for other people!!

Friends, the Hindu New Year has changed – Nothing will change unless we decide which class of ticket we need to buy in our Life. Buy 1st Class ticket & Make Your MARK®.

INTELLIGENCE

There was a 10-year-old boy whose father was a learned teacher. He used to walk back from the school. There were some people who used to harass the 10-year-old boy while he used to come back from the school. They would put a 5 Rupee coin & a 10 Rupee coin in front of him and would ask him… Which coin is of higher value?

The boy used to answer 5 Rupee coin! Everybody would laugh & tease him by giving away the 5 Rupee coin and saying that – "Son of a Teacher" does not know the correct answer!! This happened almost every 2nd day. They would ask the same question and the boy would answer – Rupee 5 Coin!! This went on for over a month.

Slowly the teacher came to know about this. He was upset. He went home and asked his son – You are studying in 3rd standard and you do not know – which coin is of higher value? 5 or 10?

The boy – smilingly replied – Dad! I know the correct answer. Then why don't you give the correct answer? They feel that you are son of a teacher and you do not know simple mathematics!

The son replied – Dad, I reply them purposely the same answer because then I can have the 5 Rupee coin – Till now I have collected more than Rs. 250/-. The day, they come to know, that I know the correct answer – I will stop getting the money!

Friends – Be intelligent in your way & Make Your MARK®

DISTANCE

One person shifted his residence from a small city to a metropolitan city for better prospects. He was looking for a rented house and found one which suited his budget! He asked the Owner – How far is the Metro Station from this house?

The owner replied – If you will walk as if you are Shopping in a Mall – It will take 30 minutes...

If you will walk as if you are going for a Morning Walk – It will take 20 minutes…

But if you will walk fast, as if a Dog is going to bite you... You will reach in less than 10 minutes..!

Friends, it all depends on how you walk in life to achieve your Goals and To Fulfill Your Dreams. Sometimes it's Even Good to Slow Down... & Enjoy the World Around You!

Keep Pace, But reach the station of your Dreams on Time & Make Your MARK®

આત્મિયતાથી અભિનંદનનો અભિષેક

- ગીરીશ એલ. ગાંધી "જય ગીરી"



શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણીક મહાજન
અમૃત મહોત્સવ

પ્રતિશ્રી,

મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, પ્રમુખશ્રી, માનદ્ મંત્રીશ્રી તથા ટ્રસ્ટીગણ

આપણી સંસ્થાના અમૃત વર્ષને અનુલક્ષીને શુભારંભના મહાઉત્સવનો સૌ પ્રથમ સમારંભ મોઢેરા મુકામે આપણા કુળદેવી શ્રી મોઢેશ્વરી માતાના સાન્નિધ્યમાં તા. ૩૧–૦૩–૨૦૨૪ને રવિવારના રોજ અતિ આનંદ ઉત્સાહ અને હર્ષસભેર ઉજવાયો. સમારંભનું આયોજન ખૂબ જ સુંદર આકર્ષક અને પ્રેમાળ લાગણીની લહેર સાથે અંતરના ઉમળકાથી કરવામાં આવ્યું હતું.

જ્ઞાતિજનોની હાજરી અકલ્પનીય હતી સૌના ચહેરા ઉપર ખુશી અને સંતોષની ઉર્મીઓ તરવરતી હતી જેના સંપૂર્ણ યશભાગી મંડળના સર્વે હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ છે. મંડળના સર્વે હોદ્દેદારો કાર્યકર્તાઓ જાણે પોતાના આંગણે જ પ્રસંગ હોય તેવી અંતરની લાગણીથી સૌને આવકારતા હતા.

મંડળના પ્રમુખ, ટ્રસ્ટીગણ તથા કાર્યકર્તાઓએ નાની મોટી દરેક બાબતને ધ્યાનમાં રાખી તેને અનુરૂપ વ્યવસ્થા કરી હતી જેના થકી સર્વે જ્ઞાતિજનોમાં સંતોષ સહ આનંદની લાગણી લહેરાતી હતી. વિશેષમાં તો ચા–પાણી, નાસ્તો તેમજ ભોજનની વ્યવસ્થા ખૂબ જ સુંદર અને સંતોષકારક હતી જેના થકી જ્ઞાતિજનોએ તેનો આસ્વાદ ખૂશમિજાજ અને ઉલ્લાસપૂર્વક માણ્યો હતો.

મહોત્સવના સ્થળની પસંદગી મનગમતી અને અનુકૂળ હતી. શ્રી માતંગી માતાની પાવન ભૂમિ તેમજ શ્રીમાતાજીના સાન્નિધ્યમાં સૌ એકબીજાને મળીને પોતીકાનો અહેસાસ અનુભવ્યો હતો જે સ્થળના પ્રભાવ, સાથે આશીર્વાદની મળ્યાની અનુભૂતિ કરાવે છે.

અંતમાં મંડળના સર્વે હોદ્દેદારો, ટ્રસ્ટીગણ તેમજ સર્વે સેવાભાવી કાર્યકર્તાઓને હાર્દિક અભિનંદન પાઠવું છું.

જય શ્રી માતંગી માતા.

જીવનનું ઝારણ

- ગીરીશ એલ. ગાંધી "જય ગીરી"

- તમે ગમે તેટલા સહનશીલ બની સામેની વ્યક્તિને સાંભળતા રહો છો પછી જ્યારે તમે બોલવાનું શરુ કરો છો ત્યારે સચાઈ સામે આવતાની સાથે જ તેની સહનશક્તિની લિમિટ આવતા જ તેની અસલીયત સામે આવી જાય છે.
- સંબંધોને જાણ્યા, માણ્યા પછી તાણ્યા તો છટકી ગયા ત્યારે ભાન થયું કે આ તો સ્વાર્થી સબંધોની લપસણી છે.
- મન દરેક લોકો પાસે હોય છે પરંતુ મનોબળ જે લોકો પાસે હોય તે જ જીવન સાર્થક અને સફળ બનાવી શકે છે.
- સંતોષી જીવન જીવવું હોય તો --- બદલાનો બહિષ્કાર કરો – પોતાનાને પ્રેમ કરો – પરાયાને પોતીકા કરો – તિરસ્કારનો ત્યાગ કરો – સલાહને સમજો – જીંદગી જોઈને જીવો – શંકાનું સમાધાન કરો – સંજોગોનો સામનો કરો – આટલું જો અંતરમાં ઉતારશો તો જીવનમાં જરૂર સંતોષ પામશો.
- કર્મનું કારણ ન હોય – ધર્મનું ધારણ ન હોય – એ તો સ્વયંમ મળે જો – સંસ્કાર અને શિક્ષણનું સારણ હોય.
- સુખની સીડી ચડવા માટે અને દાદર ઉતરવા માટે આત્મવિશ્વાસ તેમજ સહનશીલતા અવશ્ય હોવી જોઈએ.
- રોગોને રાજી કરવા ગમે ત્યારે ગમે તે ખાઓ, પીઓ અને પછી તંદુરસ્તીને તાજી કરવા પરેજીનું પાલન કરો.
- ગરીબાઈની ગાથા ગવાય છે, પરંતુ સહાયનો સાદ ક્યાંય સંભળાતો નથી.
- ક્રોધનું કારણ શોધવા કરતા ક્રોધનું મારણ શોધવાથી જીવનમાં શાંતિ મળે છે.
- દાંપત્ય જીવન દોષારોપણના દાવથી જીવવા કરતા દરગુજરના ' દિલ'થી જીવવાથી સુખ, શાંતિ અને સંતોષ મેળવી શકાય છે.
- જેમ દેવોમાં શ્રી ગણેશ વિઘ્નહર્તા છે તેમ પરિવારમાં પણ પિતા વિઘ્નહર્તા છે.
- સગા સંબંધીઓની ટીકા ટીપ્પણી કરતી વેળાએ આપણે ભૂલી જઈએ છીએ કે હું પણ આ પરિવારનો જ સભ્ય છું. જે મને પણ લાગુ પડે છે.

- સાસરિયાની સાંકળ પકડી ને ઉપર ચડતો માનવી આ સાંકળ બનાવનાર પરિવારને જ ભૂલી જાય છે.
- દિલ ખોલીને વાત કરવી છે મારે. પણ દરવાજા ખુલતા નથી તમારા દિલના, ખટખટાવીને થાકી ગયો અંતે દિલમાં દબાવીને જ બેસી ગયો.
- કાળ કોઈને છોડતો નથી, ભાગ્યમાં છે તે ભોગવાતું નથી, જીંદગી જીવવી છે સહુને, પણ જીવતા આવડતું નથી. કર્મ સારા અને કૃપા હોઈ જો ઈશ્વરની તો કોઈ કાર્ય અટકતું નથી.
- સત્તાના સિંહાસન ઉપર બેઠેલો માનવી ટીકાનો ટોકન સ્વીકારતો નથી પરંતુ હજુરીયાની હાજી હા સ્વીકારે છે.
- ખબર નથી પડતી માનવીને કે જીવવું કેવી રીતે, જો 'હા' કહે તો 'હુલ્લડ' થાય 'ના' કહે તો 'નારાજ' થાય. 'હા' કે 'ના' કાંઈ ના કહે તો સહન કરવું પડે.
- ભાઈની પાછળ જો 'બંધ' લાગી જાય (ભાઈબંધ) તો ભાઈ–ભાઈના સંબંધોમાં ક્યારેય 'અસંતોષ' પેદા ન થાય.
- અહંકારથી આશા અને અરમાનોનો અસ્ત થાય છે, જ્યારે આત્મીયતાથી આશા અને અરમાનો પૂરા કરી શકાય છે.
- તમે ગમે તેટલા સહનશીલ બની સામેની વ્યક્તિને સાંભળતા રહો છો પછી જ્યારે તમે બોલવાનું શરૂ કરો છો ત્યારે સચાઈ સામે આવતાની સાથે જ તેની સહનશક્તિની લીમીટ આવતા જ તેની અસલીયત સામે આવી જાય છે.

પપ્પા

- ગીરીશ એલ. ગાંધી "જય ગીરી"

પપ્પા અને મમ્મી પરિવારનું ઉદ્‌ગમ સ્થાન છે જ્યાંથી વંશવેલાની વૃદ્ધિ થતી રહે છે. સમયઆંતરે દીકરા–દીકરીના અવતરણથી પરિવાર પૂર્ણ બને છે અને માનસિક શાંતિ સહસંતોષથી આનંદોત્સવ છવાય જતાની સાથે જ મમ્મી–પપ્પાનો નાદ ગુંજતો જઈ જાય છે. જેનાથી મમ્મી પપ્પા સંતોષ અનુભવે છે.

પારિવારિક સંબંધોના અત્ય સંબંધો જેવા કે દાદા–દાદી, કાકા–કાકી, ભાઈ–ભાભી, ફઈબા–ફુવા તથા નાના–નાની, મામા–મામી, માસી–માસા વગેરેના સંબોધનથી પારિવારિક ઓળખ થાય છે. આ સંબોધન પારિવારિક સંબંધો સિવાય અન્ય ઘરેલું સંબંધો કે આડોશી–પાડોશી માટે પણ સંજોગો અને જરૂરિયાત મુજબ ઉપયોગ કરતા હોઈએ છીએ. જ્યારે મમ્મી–પપ્પાનું સંબોધન પોતાના બાળકો સિવાય કોઈ કરતું નથી અને કરાતું પણ નથી જે પારિવારિક સંબોધનનું સાતત્ય છે.

પપ્પા માટે કોયલના ટહુકા જેવો 'પપ્પા'નું સંબોધન તેમના જીવનનો પ્રાણવાયુ છે જે દિકરા–દિકરી સાથે રહેતા ત્યારે તે સંબોધનથી રોમેરોમમાં આત્મિય આનંદ છવાતા સુખ–શાંતિની અનુભૂતિ સાથે સંતોષ અનુભવી ઈશ્વરની કૃપા સમજી વધાવી લેતા તેને જ પોતાના જીવનનો શ્વાસોચ્છવાસ માનતા. સમય જતા દીકરા–દીકરી ઉંમરલાયક થતા સમય અને સંજોગો અનુસાર પોતાના પરિવાર સાથે સ્થાયી થઈ જાય છે. દીકરીને સાસરે વળાવી દીકરા–વહુ સાથે પોતાનું શેષ જીવન વિતાવે છે ત્યારે "પપ્પા" સંબોધન સિમીત થઈ જાય છે. જે વાસ્તવિકતાને સ્વીકારી જીવન પસાર કરે છે. સમયની જરૂરિયાત મુજબ "પપ્પા" સંબોધન સાંભળવા મળે છે ત્યારે 'હૃદય' આંનદથી ઝુમી ઉઠે છે.

પ્રસંગોપાત જ્યારે દિકરી ઘરે આવે છે ત્યારે "પપ્પા" જેવો મીઠાશ ભરેલો 'ટહુકો' વાતે વાતે સાંભળવા મળે છે ત્યારે નયન હર્ષાશ્રુથી ઉભરાય જાય છે. દિકરો પોતાના વ્યવસાયમાં કાર્યરત હોવાથી જરૂરિયાત મુજબની વાતચીત વખતે "પપ્પા"નું સંબોધન લાગણીસભર થતું જ હોય છે. અને પૂત્રવધુનો "પપ્પા" કેરો ટહુકો સંજોગો અને જરૂરિયાત અનુસાર અવશ્ય સાંભળવા મળે છે.

પૂત્રવધુનું "મમ્મી" સંબોધન મમ્મીને અવારનવાર સંજોગો અનુસાર સાંભળવા મળે છે. કારણ કે પૂત્રવધુએ ઘરની દરેક જવાબદારી નિભાવવાની હોય છે. જ્યારે દિકરો તો "મમ્મી"ની મમતાના માર્ગ ઉપર જ ચાલતો હોય છે. એટલે "મમ્મી" શબ્દ તો તેના હોઠ ઉપર જ રમતો હોય છે. જેથી "મમ્મી" સંબોધન માટે "મમ્મી"ને બહુ ખાલીપો લાગતો નથી પરંતુ "પપ્પા"ને આ "ટહુકા" માટે ધીરજ રાખવી પડે છે.

"પપ્પા–મમ્મી"નું સંબોધન પોતાના લોહી સિવાય ક્યારેય કોઈ વાપરતું નથી અને વપરાતું પણ નથી પરંતુ પ્રારબ્ધમાં હોય અને અને જો આપણા લાગણીસભર વ્યવહાર અને વર્તન હોય તો અન્ય નજદીકી સંબંધોથી "પપ્પા" જેવું સંબોધન સાંભળવા મળે છે. જેનાથી આત્મસંતોષ પ્રાપ્ત થાય છે.

આ વિચારોનું વૃંદાવન છે જે વિચારને સમજી શકે તેને જ તેનો અહેસાસ થાય.

અમૃત મહોત્સવ વર્ષ શુભારંભ મહોત્સવ પ્રસંગની ઝલકો

અમૃત મહોત્સવ વર્ષ શુભારંભ મહોત્સવ પ્રસંગની ઝલકો

અમૃત મહોત્સવ વર્ષ શુભારંભ મહોત્સવ પ્રસંગની ઝલકો

અમૃત મહોત્સવ વર્ષ શુભારંભ મહોત્સવ પ્રસંગની ઝલકો

માણસ એક રંગ અનેક

- પ્રવીણ સોલંકી



મોત ભી ટકરાયા ન જાને કિતની બાર મુઝસે
પર મૈં તેરા દિવાના થા કિસી ઓર પે કૈસે મર સકતા થા ?

જીવન અને મૃત્યુ વચ્ચેનો ભેદ જાણવો હોય તો બધાએ એકવાર ICU નો અનુભવ લેવો જ જોઈએ.

કિનારા પર લાશ તરતી જોઈને સમજાય જાય છે કે બોજ શરીરનો નથી હોતો, શ્વાસનો હોય છે. મૃત્યુ એટલે શ્વાસનું ખૂટવું. મૃત્યુ એટલે આપણી વૃત્તિ પ્રવૃત્તિ અને પ્રકૃતિ પરનું પૂર્ણવિરામ. મૃત્યુ એટલે નિષ્ક્રિયતા, મૃત્યુ એટલે માસણમાંથી ફોટો બની જવું, સ્વજનો માટે સ્મૃતિ બની જવું.

કોઈને કદાચ પાગલપણું લાગશે, પણ મને એ વાતની પ્રતિતિ થઈ ગઈ છે કે જીવન અને મૃત્યુ વચ્ચેનો ભેદ જાણવો હોય તો બધાએ એક વાર ICU નો અનુભવ લેવો જ જોઈએ. ICU એક એવું સ્થાન છે જે તમારા ચિત્તતંત્રમાં ચાલતા તમામ વિચારોને એક જ સ્થાને લઈ આવે છે, અને માત્ર ને માત્ર એક જ વિચાર કરતા કરી મૂકે છે કે ICU માંથી બહાર કેમ નીકળવું. જીવનની ઝંખના જાગે છે. મૃત્યુનો ભય સતાવે છે. સેક્સપિયર જરૂર યાદ આવે છે. ટુ બી ઓર નોટ ટુ બી ? જીંદગી યા મોત ? જો કે જવાબમાં જીંદગી જ હોય. અર્જુનનું લક્ષ જેમ માછલીની આંખ હતી એમ દર્દીનું લક્ષ એક માત્ર જીવન જ હોવાનું. આ સમયે દર્દીને બીજું કંઈ યાદ નથી આવતું. ન સંબંધ, ન પૈસા, ન પદ કે ન પ્રતિષ્ઠા, ફક્ત જીવન.

જેવા તમે ICU થી નિર્ભય થઈ જાઓ કે બાકીના બધા વિચારો શરૂ થઈ જાય. જાત મુક્ત થઈ જાય પછી જ જગતના વિચારો આવે એ સનાતન સત્ય છે. તમને લાગે છે કે એકાએક મોસમ બદલાઈ ગઈ છે, વાવાઝોડું વીતી ગયું છે, તોફાન શમી ગયું છે. વાતાવરણમાં ઉઘાડ નીકળ્યો છે. તમે સ્વકેન્દ્રમાંથી મુક્ત થઈને બીજા કેન્દ્રનાં વિચાર કરતા થઈ જાઓ છો. તમારામાં જ્ઞાનની ડહાપણની દાઢ ફૂટવા માંડે છે. કુટુંબ અને સંબંધોનો મહિમા સમજાવા લાગે છે. તમને ફીલ થવા લાગે છે કે આ દુનિયામાં તમે એક માત્ર સુખીમાં સુખી વ્યક્તિ છો જેની સુખાકારી માટે આખું કુટુંબ તમારા પડખે ઊભું છે. આવું નસીબ કેટલાને હોય ?

તમારી ખબર કાઢવા આવે ત્યારે તમે મનમાં મહેસૂસ કરો છો કે તમે યોગ્ય વ્યવહાર જાળવ્યો છે. આ પ્રકારની લાગણી હું અનુભવી રહ્યો હતો, ત્યાં એક નર્સે લિસ્ટ લઈને મારા સ્વજનને આપતા કહ્યું કે આ બધી દવા લઈ આવો. અને મારૂ ચિત્ત એકબીજા વિચારમાં ઘુમરાવા લાગ્યું. દરેક દવાનું લીસ્ટ ૨૫૦૦ થી ૩૦૦૦ રૂપિયાનું હોય છે. ગરીબ માણસોને આ બધું કઈ રીતે પરવડતું હશે ? મારા નાટકનો એક સંવાદ યાદ આવી ગયો કે "ગરીબી જેવો કોઈ રોગ નથી ને પૈસા જેવો કોઈ ઈલાજ નથી." પૈસાની જરૂર માત્ર માંદગીમાં જ નહીં, જીવનના દરેક તબક્કે પડે છે એટલે જ પૈસો કમાવો જેટલો જરૂરી છે. એના કરતાં બચાવવો બહુ જરૂરી છે. વ્યક્તિએ કરેલી બચત ક્યારેક વ્યક્તિને જ નહીં દેશને પણ કામ આવે છે. કેટલા લોકોનો પગાર ૨૫ થી ૫૦ હજાર રૂપિયા હશે ? એ લોકોને મેં માંડ–માંડ ખર્ચા કાઢતા જોયા છે તો બીજા લોકોનું શું થતું હશે ? આ વિચાર મને ICU માં જ નહીં, પહેલા પણ આવતો હતો, પરંતુ હવે મને એની મહત્તા સમજાઈ છે.

તો એક વિચાર આડે રસ્તે આવીને મનમાં ઝબકી એ ગયો કે મારા ડોક્ટર મિત્રો હતા એટલે મને તાત્કાલિક ટ્રીટમેન્ટ મળી. કેટલાના નસીબમાં આ હોય છે ? જો કે મેં તો ઘણીવાર લખ્યું છે કે જીવનમાં એક–બે ડોક્ટર મિત્રો એવા હોવા જોઈએ જે આપણને સાચી દિશા દેખાડે. સાથોસાથ આપણી પણ ફરજ છે કે તેઓ જે દિશા દેખાડે એ પગલે ચાલવાની.

દર્દીને સવારના હોસ્પિટલમાં જે વિચાર આવે ને પછી રાતના ભેંકારમાં જે વિચાર આવે એનો અભ્યાસ કરવા જેવો છે. દરેક દર્દી હોસ્પિટલમાં થોડા ઘણા અંશે સંત થઈ જતો હોય છે. સત્કર્મ સચ્ચાઈ, દયા, માયા જેવો અલંકારો ધારણા કરવાની તીવ્ર ભાવના તેના મનમાં જાગતી હોય છે. જેટલો રોગ ગંભીર એટલી ભાવના તીવ્ર !! હોસ્પિટલના બેડ પરથી સારા માણસ બનવાની જેને ઝંખના ન જામી હોય તેવો ભાગ્યે જ કોઈ હશે.

હોસ્પિટલની એક રાતે ઊંઘ ઉડી ગઈ. મારી દીકરી બાજુના બેડ પર સૂતી હતી, પણ મેં ઉઠાડી નહીં. મારે બાથરૂમ જવું હતું. વોર્ડબોયને બેલ મારીને એટલા માટે ન બોલાવ્યો કેમ કે દીકરી ઉઠી જાય. મને ખબર હતી કે તે મોટા ભાગે આખી રાત જાગતી જ હોય છે. આવું "ઝોકું" ભાગ્યે જ એને આવે.

હું હિંમત કરીને ચોરપગલે પલંગ ઉપરથી ઉતર્યો. પલંગની ધાર પકડી પકડીને બાથરૂમમાં ગયો. બધું ચુપકે–ચુપકે. દરવાજો અટકાવ્યો. નિત્યક્રમમાં થોડીવાર લાગી, પરંતુ બધુ હેમખેમ પાર પડ્યું તેનો આનંદ હતો. દરવાજો હડસેલીને હું બહાર આવ્યો કે સામે

મારી દીકરીને જોઈ ! મારા બારેય વહાણ ડુબી ગયા !

"પપ્પા, આવું સાહસ કરવાનો શું મતલબ ? કંઈક અજુગતું થઈ ગયું હોત ને શું થાત ?" હું કંઈપણ બોલ્યા વગર ચૂપચાપ સૂઈ ગયો, પણ દીકરીના ચહેરાની વ્યથા હું સમજી ગયો. તે અચંબામાં હતી – મારા સાહસને કારણે નહીં, પણ પોતાને આમ ઝોંકું કેમ આવી ગયું ?

ખેર ! ૧૧ દિવસ હોસ્પિટલમાં મારા માટે મૂલ્યવાન બની ગયા. હું બહાર રસ્તા ઉપર આવ્યો ત્યારે મને થયું કે હું તાજો જન્મીને રસ્તા ઉપર ભીખોડીયો ભરી રહ્યો છું. મારો દીકરો હાથ પકડીને કાર તરફ લઈ જવા ગયો ને મેં તેને રોક્યો. કહ્યું કે મને ખુલ્લી હવામાં થોડા શ્વાસ લેવા દે. હોસ્પિટલમાં ગયો ત્યારે પાછો આવીશ જ એવી કોઈ મોદીની ગેરષ્ટી નહોતી, પણ ઉપરવાળો મહેરબાન હતો.

ઘરમાં પગ મૂકતાં પહેલા મારી વાઈફે મને રોક્યો; મારી પુત્રવધુએ મને ચાંદલો કર્યો. મોઢું મીઠું કરાવ્યું ને મેં ઘરમાં પગલા પાડ્યા !!

મિત્રો, ફરી એકવાર આપ સૌની શુભેચ્છા બદલ આભાર.

કલમને પાંખ ફૂટી છે તો ફરી કંઈ નવું–નોખું !

"સમાપન"

સમજણનો દોર જો આસપાસ હશે તો ફાટેલી જીંદગીની સારવાર હશે. (અનામી)

માતૃત્વ

- સંપદા ડાકોરકર

'મા' એ વિશ્વનો સૌથી સુંદર શબ્દ અને સૌથી સુંદર રચના છે. 'માં' એ ભગવાને આપેલી એક સુંદર અમૂલ્ય ભેટ છે. બાળક માટે માં ખૂબ જ મહત્ત્વની હોય છે. એ જ પ્રમાણે 'માં' માટે પણ સંતાન પ્રાપ્તિ એ પણ એટલી જ મહત્ત્વની બાબત છે. મારું માનવું એવું છે કે દરેક સ્ત્રીમાં 'માં'ની લાગણી, માતૃત્વ, મમતા, ક્યાંક ને ક્યાંક છુપાયેલું હોય છે. કમનસીબે કોઈ સ્ત્રી કે મહિલા, બાળકને જન્મ આપી શકતી નથી અથવા જે સ્ત્રીને સંતાન સુખ પ્રાપ્ત થતું નથી. સમાજની દૃષ્ટિ એ એને 'માં' નો દરજ્જો મળતો નથી અને એના માટે કેટલાક અપશબ્દો પણ ઉચ્ચારમાં આવે છે. પણ એનો અર્થ એ થતો નથી કે એ સ્ત્રીમાં લાગણી નથી કે એ 'માં' કહેવાય નહિ, પણ મારી દૃષ્ટિએ દરેક સ્ત્રીમાં આપણે ક્યાંક ને ક્યાંક કોઈ પણ સ્વરૂપે માતાંની લાગણી, હુંફ અનુભવીએ છીએ. તો પછી એ સ્ત્રી બહેન હોય, માસી, કાકી, મામી, બા હોય ક્યાંક ને ક્યાંક આપણે અનુભવતા હોઈએ જ છીએ. ત્યારે આપણે એ જોવા નથી જતાં કે એ સ્ત્રીએ બાળકને જન્મ આપ્યો છે કે નહિ. ખરું ને ? પણ સમાજમાં અમુક લોકો એ લાગણી, મમતાં જોઈ શકતાં નથી, અને કદાચ સ્વીકારતા પણ નથી. સમાજની દૃષ્ટિએ તો માં એ જ કહેવાય કે જેને બાળકને જન્મ આપ્યો છે.

મરાઠીમાં એક કહેવત છે. ... એનો અર્થ એ થાય છે કે સ્વામી ભલે ત્રણે જગતનો હોય પણ 'માં' વગરનો તો ભિખારી જ કહેવાય અને અહીંયા તો અમુક લોકોની દૃષ્ટિએ સંતાન વગરની સ્ત્રી જ ભિખારી જોવા મળે છે. સાચું ને ? અને એ ક્યાંક ને ક્યાંક અનુભવાય છે. લોકો સ્ત્રીની બીજી બાજુ કેમ જોઈ નથી શકતા. જો દરેક વ્યક્તિના મનમાં માતૃત્વનું મહત્ત્વ સમજાય તો દુનિયાની દરેક સ્ત્રીને માં થવાનું સમાધાન મળશે. સમાજમાં એમનો આદર–સન્માન મળશે એક નવું અસ્તિત્વનું નિર્માણ થશે.

આપણે ફક્ત જન્મ આપનારી સ્ત્રી જ માં કહેવાય એ વિચારસરણીમાંથી બહાર પડવાની જરૂર છે. કારણ કે પ્રત્યેક સ્ત્રીમાં નિ:સ્વાર્થ પ્રેમ કરવાની, જીવ લગાડનારી, માયા–મમતા આપવાની શક્તિ હોય છે. પ્રત્યેક સ્ત્રીમાંનું માતૃત્વ ઓળખવાની અને આ ખોટી માનસિકતામાંથી બહાર નીકળવાની આ સમાજને અને સમાજના દરેક વ્યક્તિને જરૂર છે.

છેલ્લે એટલું જ કહીશ કે કૃષ્ણ ભગવાને જન્મ ભલે માતા દેવકી એ આપ્યો હતો પણ ઉછેર તો માતા યશોદા એ જ કર્યો હતો. એ તો પણ ભગવાન છે પણ આપણે તો માણસ છીએ. આના પરથી જ સાબિત થાય છે કે માતા બનવા માટે બાળકને જન્મ આપવો જરૂરી નથી ફક્ત માતૃત્વ હોવું જ જરૂરી છે.

"સ્વ" અને તેની મુક્તિનો આનંદ

- શ્રી નિરંજનભાઈ દામાણી (જેતપુર)



શું ક્યારેય આપણને સ્વ નિરિક્ષણનો વિચાર આવે છે ? ક્યારેય એવો વિચાર આવે છે કે શું આપણે ખરેખર સ્વતંત્ર છીએ ? મુક્ત છીએ ? મહદ્અંશે નહીં. તેથી જાગૃત થઈ જવાની જરૂર છે, વાસ્તવિક્તા એ છે કે આપણે આપણા જીવનને આપણા વિચારો, પહેરવેશ, સામાજિક રૂઢી, ધારણાઓ, ખ્યાલો અને અન્ય પ્રભાવ હેઠળ જકડી લીધેલ છે, આ બધા પરિબળો અનુસરી આપણે આપણી જાતને તેની ઓળખ આપી દીધેલ છે. દા.ત. મને તો આવું જ ગમે, આવા કપડાં જ પહેરું, આવો ખોરાક જ પસંદ કરું વી. વી. અરે અમુક વ્યક્તિઓ પ્રત્યે પણ આપણે ગમા, અણગમાનો ખ્યાલ બાંધી દીધેલ હોય છે. આ સર્વથી આપણું ચિત પૂર્વગ્રહયુક્ત થઈ જાય છે. અગાઉથી બાંધેલ ધારણા મુજબ આપણે દરેક મુલ્યાંકનો કરીએ છીએ અને આવા દરેક મૂલ્યાંકનો, નિર્ણયો અને આપણા વિચારો જાગૃતતાથી પર હોય છે. સત્યથી વેગળા રહે છે. આપણે આવ અવસ્થામાં વર્ષોના વર્ષો પસાર કરી જીવતા હોઈએ છીએ. આપણે આપણા જીવનને ભ્રામક બનાવી દીધેલ હોય છે. આવી વ્યક્તિઓ પોતાની જાતને, કુટુંબને, સમાજને અને રાષ્ટ્રને પણ અજાગૃતતા, જક્કડન, પૂર્વગ્રહ વી. જાણ્યે, અજાણ્યે વારસામાં આપે છે જે વ્યક્તિગત અને સામાજિક ઉત્થાનની વિરૂદ્ધ કાર્ય કરે છે.

એટલે જ દરેક સમયની માંગ, જરૂરિયાત રહે છે કે "સ્વ" ને એટલે કે આપણી જાતને આપણા અસ્તિત્વને, આપણા આત્માને અને આપણી પહેચાનને સાચા અર્થમાં મુક્ત કરવી, જાગૃતતા, સ્વતંત્રતા બક્ષવી. આપણી સાચી પહેચાન બનાવવી. વિચારવું કે આપણે ખરેખર શું છીએ. "સ્વ"ની મુક્તિ માટે શું કરવું. બ્રહ્માંડની દિવ્ય ભેટ સમાન આપણા અસ્તિત્વને, દિવ્ય આત્માને કે જેણે આ શરીર ધારણ કરેલ છે તેને કેવી રીતે સાચા અર્થમાં સ્વતંત્રતા બક્ષવી. વર્તમાન ક્ષણમાં જીવતાં શીખવું. સભાનપણે, જાગૃતપણે આ ક્ષણને જાણવી. કેવી રીતે પૂર્વગ્રહ, ધારણાઓ, રૂઢી, કુરિવાજો, વિચારોમાંથી મુક્ત બનવું. જો આપણે આ વિચારી શકશું તો ખરેખર સ્વતંત્ર હોઈશું, મુક્ત હોઈશું, જાગૃત હોઈશું.

ખરેખર તમે શું છો ? વિચારો...

- એરીન હેન્સન મુજબ ... તમે જે બુક્ત વાંચો છો તે છો. જે દરેક શબ્દો બોલો છો તે છો. તમે તમારા હાસ્યની મીઠાશ છો. તમે તે ગીત છો જે તમે મોટેથી ગાઓ છો. જે સ્થળોનું નિરીક્ષણ કરો છો તે છો. જે સ્વપ્નની કલ્પના કરો છો તે છો. તમે ખૂબ જ સુંદરતાથી બન્યા છો, પરંતુ લાગે છે કે તે તમો ભુલ્યા છો જ્યારે તમે તમારી જાતને વ્યાખ્યાન્વિત કરો છો. માટે જે તમો નથી તે દરેક વસ્તુને અલવિદા કરો, મુક્ત બનો.
- આઇનસ્ટાઇન મુજબ જે પોતાને સ્વ ના ખ્યાલથી મુક્ત કરી શક્યો છે તે સાચા અર્થમાં સ્વતંત્ર છે.
- આદ્યશાન્તિ પ્રમાણે મુક્તિ માર્ગ એ માન્યતાની પદ્ધતિ નથી પણ થોડું કઈ અમલમાં મૂકવાનું છે.
- લૈલાહ ગીફ્ટી મુજબ જે કંઈ તમો બની શકશો તે અંતે નાશ પામશે પરંતુ ફક્ત તમો જે કોઈ છો તે જળવાઈ રહેશે. તેમના જ મતે અભ્યાસ એ સ્વ મુક્તિની ચાવી છે. આઝાદીએ કોઈ પણ દુ:ખોમાંથી સ્વની મુક્તિ અને લોકોની મુક્તિ છે.
- બુકચીન મુજબ ક્રાંતિકારી મુક્તિ એ સ્વની મુક્તિ છે જે સામાજિક પરિમાણો સુધી પહોંચે છે.
- બાલ્થસ કહે છે હું જે અનુભવું તે ચિત્રિત કરું જે સંવેદના પામું તેને અનુવાદીત કરું એ જ મહાન મુક્તિ સમાન છે પરંતુ તે કાર્ય છે સ્વયંની કસોટી છે જાગૃતતા ટિપ્પણી અને સંઘર્ષ છે.
- ટોની મોરીસન મુજબ તમારી જાતને મુક્ત કરવી એ એક વસ્તુ છે અને મુક્ત અસ્તિત્વ પામવું એ અન્ય.
- ફ્રેડરિક લેન્ઝ કહે છે કે "સ્વ"ની અનુભૂતિ, ઓળખ એ જ મુક્તિ, સ્વતંત્રતા છે અને મુક્તિ, સ્વતંત્રતા એ જ "સ્વ"ની ઓળખ, અનુભૂતિ છે.
- આલ્બર્ટ આઇનસ્ટાઇન કહે છે... માનવી પ્રાથમિક રીતે જે પ્રયત્નો અને જાગૃતિમાં પોતાને મુક્ત કરી શકે છે તેના પરથી તેનું માનવ તરીકેનું ખરૂ મૂલ્ય નક્કી થાય છે.
- નેલ્સન મંડેલા મુજબ આપણે આપણી ચિંતા, બીકમાંથી મુક્ત બનીએ છીએ તો આપણી હાજરી અન્યોને આપોઆપ મુક્ત કરે છે. વર્તણૂકમાં પરિવર્તન લાવવું એ સ્વ કલ્યાણ વિષેની જાગૃતિમાં પરિવર્તન છે.

"સ્વ"ની મુક્તિ, જાગૃતિ અંગે સ્વામી વિવેકાનંદ સુંદર વિચારો આપે છે, તેઓ કહે છે કે... મારી દઢ ધારણા છે કે તમારામાં અંધ વિશ્વાસ નથી. તમારામાં એ શક્તિ દિવ્યમાન છે જે સંસાર હલબલાવી શકે છે. ધીમે ધીમે અન્ય લોકો પણ જોડાશે. સાહસી શબ્દ અને

(અનુ. પાના નં. ૨૬ ઉપર)

"આજનો સળગતો પ્રશ્ન ??"

- શ્રી પ્રદીપભાઈ વડોદરીયા (રાજકોટ) મો.: ૯૮૬૨૫ ૨૨૪૫૪

આજના યુગમાં આપણા સમાજમાં – જ્ઞાતિમાં કે દરેક કુટુંબમાં કોઈ જો સળગતો પ્રશ્ન હોય તો તે છે આપણા દિકરા – દિકરીનાં વેવિશાળ – લગ્ન માટેનો છે. હાલમાં જે કોઈ મળે એટલે એક જ સવાલ. ભાઈ કોઈ સારૂં ઠેકાણું હોય તો બતાવજો. જ્ઞાતિમાં મળે તો ઠીક છે નહિં તો પરજ્ઞાતિમાં પણ કરવું છે. એમાં પણ દિકરીના મા–બાપની વ્યથા – ચિંતા ઘણી જ જોવા મળે છે.

વ્યક્તિ – જ્ઞાતિ કે સમાજ બળવાન નથી પણ સમય બળવાન છે. હાલના સમયને જોતા આપણે આ વાત સાથે સંમત થવું પડે છે કારણ કે પહેલાના સમયમાં માત્ર કુટુંબ પહેલા જોવામાં આવતા હતા. બે શાખ ધરાવતી વ્યક્તિઓ એમ કહે કે ભાઈ એ માનનીયશ્રી લાખ રૂપિયાનો માણસ છે પછી એમાં બધું જ આવી ગયું. પછી દિકરા – દિકરીનાં સંબંધ થઈ જતા હતા અને હજુ એમાંના ભાગ્યે જ કોઈ દુ:ખી હશે.

પહેલાના સમયમાં એકબીજા કુટુંબના સભ્યોના લગ્નમાં ખાસ દિકરા – દિકરીને લાવતા અને એકબીજાને જોઈને એક – બે વેવિશાળ તો થઈ જ જતા કારણ કે પહેલાના સમયમાં એવું માનવામાં આવતું હતું કે ઘર ખાનદાન હોય અને વર પાણીવાળો હોય તો વરમાંથી ઘર થાશે. આવી માન્યતા જ સાચી ઠરેલ છે.

હાલ સમય બદલાયો છે. ભણતરને ખૂબ જ પ્રાધાન્ય અપાય છે. એ વાત સાથે હું પણ સહમત છું પણ દુ:ખ સાથે લખું છે કે પહેલો પ્રશ્ન એ પૂછવામાં આવે છે કે "પેકેજ કેટલું છે ?" કોની સાથે રહેવાનું છે ?" ઘરનું ઘર છે કે નહિં ?? વગેરે વગેરે.

ઘર ખાનદાન છે કે નહિં, વર પાણીવાળો છે કે નહિં એવું નહિં હોય તો ચાલશે પરંતુ પેકેજ પાંચ થી સાત લાખનું હોવું જોવે.

પહેલાના સમયમાં વડવાઓ એવું કહેતા કે "વર" તો જમીનમાં પાટુ મારીને પૈસા પેદા કરે તેવો તાકાતવાળો જોવે અને ઘર ખાનદાન જોવે બસ દિકરી આપવામાં વાંધો નહિં. કારણ કે પહેલાના સમયમાં વડીલો એવું ચોક્કસ માનતા કે "વર" માંથી જ "ઘર" થાય. ચાલો, આ ૨૧ મી સદીમાં પહેલાની વાત બંધ કરીએ અને અત્યારની વાતો કરીએ.

આ વાત પણ દુ:ખ સાથે લખું છે કે હાલ બહુ જ ઓછા મા–બાપ એવા છે કે પોતાની દિકરીને રસોઈ બનાવતા શીખડાવે છે જેનાથી હાલ એક સળગતો પ્રશ્ન એ પણ છે કે લગ્ન પછી બન્ને કમાવા જાય અને રાત્રે થાકીને આવે એટલે "ફાસ્ટ–ફૂડ" ઘરે લેતા આવે. રસોઈ બનાવતા જ ન આવડે તો પછી શું કરવાનું ??

થાય ત્યાં સુધીમાં સામાન્ય રસોઈ શીખડાવવામાં આવેલ છે. હવે આ જ દિકરીઓને આગળ અભ્યાસ માટે પરદેશ ગમન થયું તો ત્યાં "ફાસ્ટ–ફૂડ" ઉપર આધારિત ન રહેવું પડ્યું.

(૨) એવા પણ કુટુંબના સંપર્કમાં છું અને જાણવા મળ્યું કે દિકરાના લગ્ન કર્યા છે દિકરી સરસ મળેલ છે પણ રસોઈ શીખડાવવી પડે તેમ છે. દિકરી શીખવા તૈયાર છે. સાસુમાંએ દરેક રસોઈ શીખડાવી અને સંસાર ચાલ્યો.

(૩) હાલના સમયમાં તો હવે દિકરા પણ રસોઈ શીખવા લાગ્યા છે. તેઓ પણ જાણે છે કે હાલની મોંઘવારીમાં બન્નેએ કમાવવા જાવું પડશે તો જીવનમાં ઘણું બધું સમાધાન રૂપ જીવન જીવવું પડશે. સમજદાર યુવક આવી પણ તૈયારી રાખે છે. આવેલ દિકરીને રસોઈ ન આવડતી હોય અને શીખવા તૈયાર ન થાય તો અને દિકરાને પણ રસોઈ ન આવડતી હોય તો રોજ "ફાસ્ટ–ફૂડ" ખાવું પડે અને પછી બન્ને વચ્ચે "ફાટ–ફૂટ" પડતા વાર નથી લાગતી.

દિકરીઓને રસોઈ બનાવતા ન શીખવાનું કે ન આવડવાનું માત્ર અને માત્ર મા–બાપને સંબોધિત કરું છું કે દિકરીઓના વાંક ન કાઢશો. પણ સમજાવીને દરેક રવિવારે થોડું બનાવતા શીખડાવો અને થોડું આવડે એટલે રવિવારે એ દિકરીનાં હાથની બનાવેલ રસોઈને આરોગો અને દિકરીને પ્રોત્સાહિત કરો. આ પ્રશ્નનો હલ આવી જાશે.

બીજી વાત દરેક મા–બાપને એ પણ કહેવાનું મન થાય છે કે દિકરીનું ઘર જોવા કે શોધવા માટે ખાનદાન કુટુંબ – ભણતર – સારા સગા શોધવાનું પહેલા રાખશો પછી બંગલો – ગાડી – પેકેજ ધ્યાન ઉપર લેજો. હું બંગલા – ગાડી કે મોટા પેકેજ સાથે વિરૂદ્ધ નથી પણ માત્ર એ વિચારધારા ન રાખો.

એ જ પ્રમાણે દિકરાવાળાને મા–બાપને પણ માત્ર દિકરી સુંદર – દેખાવડી – રૂપાળી જ જોવે એવી વિચારધારા ન રાખતા, કેળવાયેલી – સાચી સમજણ સાથેના ઉછેરવાળા કુટુંબની દિકરીને પણ ધ્યાન ઉપર રાખવાની વિચારધારા કેળવશો.

કડવું પણ સત્ય લખું છું કે માત્ર પેકેજ જોઈને કરેલા લગ્નમાં છૂટાછેડા લેવાના બનાવનું પ્રમાણ વધારે જોવા મળેલ છે માટે બધું જ બેલેન્સ રાખીને પસંદગી કરવી જરૂરી છે.

દરેક જ્ઞાતિ બંધુઓને મારી એક વિનંતિ છે કે જ્ઞાતિના મેગેઝીનમાં લગ્ન વિષેયક જાહેરાત આપવી એમાં જ્ઞાતિના કોઈ પણ સભ્ય એવું ન વિચાર કરે કે ક્યાંય થાતું નથી એટલે જાહેરાત આપેલ છે પરંતુ હાલના સમયને ધ્યાનમાં રાખીને દરેક કુટુંબ આ પ્રવૃત્તિને સહકાર આપે. આ પ્રવૃત્તિથી વધારેમાં વધારે કુટુંબોની માહિતી આપ–લે થઈ શકશે.

આ ઉપરાંત આવા જ સળગતા પ્રશ્નને સરળ બનાવવા જ્ઞાતિ સંસ્થા દ્વારા "પૂન:લગ્ન જીવન સાથી મેળો" અમદાવાદ – મુંબઈ ખાતે કરવામાં આવેલ જેમાં ઘણું જ પરિણામ સારૂ મળેલ છે. તેમજ આપણી જ્ઞાતિ તરફથી સમૂહ લગ્નનું પણ આયોજન અવાર નવાર દરેક વર્ષે થાય છે. જેમાં પણ દરેક સંસ્થાનું યોગદાન હોય છે.

તો આવો આપણે સૌ સાથે મળીને આપણા જ સંતાનોને આ સળગતા પ્રશ્નોને સરળ બનાવવા પ્રયત્નો કરીએ.

નારી તું નારાયણી

- શ્રીમતી રશ્મીબેન એમ. શાહ (અમદાવાદ) (મો.: ૯૮૨૫૭ ૯૩૪૭૬)

અમદાવાદની એક પ્રતિભાવંત નારી – જેના નામથી ભાગ્યે જ કોઈ અજાણ હશે !! એ નારી એટલે બીજું કોઈ નહીં પરંતુ શ્રીમતી ઈલા ભટ્ટ : તેમને સ્થાપેલી સંસ્થા 'Self Employed Womens Association' યાને કે 'સેવા' અને 'ઈલા ભટ્ટ' પર્યાયવાચી શબ્દો બની ગયા છે.

ઈલા ભટ્ટ એક સહકારી ચળવળના માર્ગદર્શક, સામાજિક કાર્યકર, વકીલ અને ગાંધીવાદી વ્યક્તિ હતા તેમનો જન્મ ૭ સપ્ટેમ્બર ૧૯૩૩ના રોજ અમદાવાદમાં થયો હતો. તેમનું વતન સૂરત હતું અને તેઓએ સૂરતમાં જ પ્રાથમિક શિક્ષણ અને કોલેજનો અભ્યાસ કર્યો હતો. વર્ષ ૧૯૫૪માં અમદાવાદની એલ.એ. શાહ લો–કોલેજમાં અભ્યાસ કરી કાયદામાં સ્નાતકની ડીગ્રી મેળવેલી.

તેમની માતા વન લીલા વ્યાસ સ્ત્રીઓના વિકાસ સાથે સંકળાયેલા હતા અને પિતા સુમંતરાય ભટ્ટ સફળ વકીલ હતા. આમ બાળપણથી જ તેઓમાં સામાજિક સેવાનો અને કાયદાકીય જ્ઞાનના બીજ રોપાયા હતા.

વર્ષ ૧૯૫૬માં તેમના લગ્ન રમેશ ભટ્ટ સાથે થયા હતા. તેમણે બે બાળકો પુત્રી અમીમયી અને પુત્ર મિહિરને જન્મ આપ્યો હતો.

વર્ષ ૧૯૫૫માં અમદાવાદની મજૂર મહાજનની કાયદા શાખામાં વ્યવસાય શરૂ કરેલો. કાયદાના અભ્યાસના અંતે હિંદુ કાયદા માટે યુનિવર્સિટીનો ગોલ્ડ મેડલ મળ્યો હતો. ૧૯૬૮માં મજૂર મહાજનની સ્ત્રી શાખાનું સંચાલન કરતા હતા ત્યારે મજૂર મહાજન તરફથી 'મજૂર કાયદા' ના અભ્યાસ માટે તેઓને ઈઝરાયેલ મોકલવામાં આવ્યા હતા.

૧૯૭૧માં તેલ અવીવની આફ્રો એશિયન ઈન્સ્ટીટ્યુટમાંથી 'ડિપ્લોમા ઈન લેબર એફેર્સ એન્ડ કો–ઓપરેશન' મજૂર મહાજનમાં કામ કરતા તેઓને લાગ્યું કે, અમદાવાદની મિલોમાં કામ કરતા મજૂરોની પત્નીઓ જીવનનિર્વાહ માટે અન્ય પરચૂરણ કામ કરતી હતી અને તેમને કોઈ કાયદાકીય રક્ષણ નહતું. તેથી સ્વતંત્ર રીતે કામ કરતી સ્ત્રીઓના સંગઠનનો વિચાર તેમને આવ્યો, અને મજૂર મહાજનના પ્રમુખશ્રી અરવિંદ બુચના સહકારથી સ્ત્રીઓને પોતાના 'કામ હક્કો'ના રક્ષણ અંગે માર્ગદર્શન આપવાનું શરૂ કર્યું અને તેના ફલસ્વરૂપે એપ્રિલ–૧૯૭૨માં 'સેવા' Self Employed Womens' Association - SEWAની સ્થાપ્ના થઈ. જેના પ્રમુખશ્રી અરવિંદ બુચ અને ઈલા ભટ્ટ જનરલ સેક્રેટરી હતા. ૧૯૭૨ થી ૧૯૯૬ સુધી તેઓ જનરલ સેક્રેટરીના પદ પર રહ્યા.

'સેવા'નો ઉદ્દેશ નોકરી ન ધરાવતી અને ગરીબી રેખાની નીચે જીવતી સ્ત્રીઓને પોતાનો વ્યવસાય સ્થાપી, જીવન ધોરણ ઊંચું લાવવા માટે તેમનું સંગઠન બનાવી પોતાના પગ પર ઉભી રહે તે માટે મદદ કરવાનો છે.

સેવામાં આશરે બે મીલીયન (વીસ લાખ) મહિલાઓ મેમ્બર છે. તેઓએ ૧૯૭૪માં 'સેવા કો–ઓપરેટીવ બેંક'ની સ્થાપના કરી. આજે તેમાં ત્રણ મીલીયમ (ત્રીસ લાખ) કરતા વધારે મેમ્બર્સ છે. 'સેવા બેંક' ગરીબ મહિલાઓને સ્વનિર્ભર બનાવવા, પોતાનો બીઝનેસ કરવા લઘુ ધિરાણ (નાના પાયે લોન) આપે છે. આ સંસ્થા મહિલાઓને વ્યવસ્થાપક અને નાણાકીય માર્ગદર્શન પણ આપે છે.

ઈલા ભટ્ટના વિશેષ કાર્યોની નોંધ લઈએ તો –

– ૧૯૮૦ થી ૧૯૮૮ વર્લ્ડ વિમેન્સ બેન્કિંગમાં કાર્ય કર્યું હતું.

– રોકફેલર ફાઉન્ડેશનમાં ટ્રસ્ટી

– વર્ષ ૨૦૧૫માં ગૂજરાત વિદ્યાપીઠના બીજા મહિલા કુલપતિ.

– તેમનું પુસ્તક 'We are poor but so many, 'The Story of self employed women in India'.

આ પુસ્તકના ગુજરાતી, હિન્દી, ઉર્દુ, ફ્રેંચ અને તમિલ ભાષામાં અનુવાદ થયા છે.

– પ્રેસિડન્ટ દ્વારા તેઓને ઈન્ડીયન પાર્લામેન્ટના રાજ્યસભાના મેમ્બર અને સાથે સાથે ઈન્ડીયન કમીશનના સભ્ય તરીકે પણ નિમણુંક કરવામાં આવ્યા હતા.

– 'એલ્ડર્સ' સંસ્થામાં પાયાનું યોગદાનથી એલ્ડર્સ' – ૨૦૦૭

વિશ્વના અમુક કપરા પ્રશ્નોને હલ કરવા, પોતાના જ્ઞાન તથા અનુભવનો લાભ વિશ્વને મળે એવા આશયથી ૧૮ જુલાઈ, ૨૦૦૭ના દિવસે નેલ્સન મંડેલા, વાર્કા માકેલ, અને ડેસમન્ડ ટુટ એ એક સભા ગોઠવી. નેલ્સન મંડેલાએ તેને નવા જૂથ તરીકે સ્થાપવાની ઘોષણા કરી. જે 'ધી એલ્ડર્સ' તરીકે ઓળખાઈ. આ સંસ્થા સ્ત્રી સમાનતા અને બાળ વિવાહ અંગે જાગૃતિ ફેલાવવાનું કામ કરે છે. જેમાં ઈલા ભટ્ટ મહત્ત્વનો ભાગ ભજવતા હતા. ૨૦૧૨ના ફેબ્રુઆરીમાં તેમણે 'ધ એલ્ડર્સ'ના સભ્યો સાથે બિહારનો પ્રવાસ કર્યો. અહીં તેમણે 'જાગૃતિ' નામની બાળવિવાહને લગતા કાર્ય કરતી સંસ્થાની સમીક્ષા કરી.

ઓગષ્ટ ૨૦૦૯ અને ઓક્ટોબર ૨૦૧૦માં ગાઝાની મુલાકાત લીધી. ૨૦૧૦ની ગાઝાની મુલાકાત બાદ 'ધી એલ્ડર્સ'ની વેબસાઈટના બ્લોગ ઉપર લખ્યું હતું કે, "અન્યાય સાથે અહિંસક લડત ચલાવવા માટે, હિંસક લડાઈ કરતા વધુ મહેનતની જરૂર પડે છે. લડાઈમાં શસ્ત્રો વાપરવા વાળા કાયર હોય છે.

જૂન ૨૦૦૧માં તેમને હાર્વર્ડ યુનિવર્સિટી દ્વારા માનવતા માટેની ડોક્ટરેટની પદવી એનાયત કરવામાં આવી. બાદમાં ૨૦૧૨માં જ્યોર્જ ટાઉન યુનિવર્સિટીએ પણ આ જ વિષયમાં તેઓને ડોક્ટરેટની પદવી આપી હતી.

શ્રીમતી ઈલા ભટ્ટને મળેલ પુરસ્કારો :

– પદ્મશ્રી – વર્ષ ૧૯૮૫

– પદ્મભૂષણ – વર્ષ ૧૯૮૬

– રેમોન મેગ્સે સે એવોર્ડ – વર્ષ ૧૯૭૭

– રાઈટ લાઈવલી હુડ એવોર્ડ વર્ષ – ૧૯૮૪

– યુ. એસ.ના સેક્રેટરી ઓફ સ્ટેટ હિલેરી ક્લીંટન દ્વારા દસ લાખથી વધારે સ્ત્રીઓના જીવનધોરણને ઊંચું લાવવા માટે 'ગ્લોબલ ફેરનેસ એવોર્ડ' – નવેમ્બર ૨૦૧૦

– સ્ત્રીઓના ઉદ્ધાર માટે 'અતિ પ્રતિષ્ઠિત રેડક્લીફ સુવર્ણ ચંદ્રક – ૨૦૧૧

– નીવાનો શાંતિ પુરસ્કાર

– ઇન્દિરા ગાંધી શાંતિ પુરસ્કાર – ૨૦૧૩

ઈલા ભટ્ટના કાર્યો અને સિદ્ધિઓ વિશે એક પુસ્તક પણ ઓછું પડે.

સેવાની અમદાવાદની મજુર સ્ત્રીઓની નાનકડી સંસ્થા અત્યારે વિશાળ વડલો બની ગઈ છે અને આખા દેશમાં તેની વડવાઈ ફેલાઈ ગઈ છે.

૨ નવેમ્બર, ૨૦૨૨ના દિવસે લાખો મહિલાઓના જીવન ઉદ્ધારક જીવન દર્શક અને ગાંધીવાદી 'સેવા'ની જ્યોત બુઝાઈ ગઈ.

"દરેક સફળતાની અંદર નિષ્ફળતાનું બીજ હોય જ છે. પણ તે અગત્યનું નથી. તેની સાથે શી રીતે તાલ મીલાવો છો – એ જ ખરૂ આહ્વાન છે." (૨૯ ઓગષ્ટ – ૨૦૧૩ ઈલા ભટ્ટ)

શ્રેષ્ઠ કર્મ એ નથી કે જેનું પરિણામ શ્રેષ્ઠ હોય...
શ્રેષ્ઠ કર્મ એ છે કે જેનો ઉદ્દેશ સર્વશ્રેષ્ઠ હોય...

“તું તો બેન ભારે કંજૂસ ?!!!”

- શ્રીમતી સુષ્માબેન અનીલભાઈ રાઠોડ (વડોદરા)

ટેડીંગ વાંચીને થાય છે કે આ શબ્દો તો આપણે બધાએ પોતાના માટે ઘણી વાર સાંભળ્યા હશે અને સાથે ઘણી વખત બીજાને કહ્યાં પણ હશે. સમાજમાં કોણ ક્યારે કંજૂસ બની જાય અને ક્યારે ઉદાર બની જાય કાંઈ કહેવાતું નથી.

લેડીઝ કીટી પાર્ટી ચાલતી હતી, બહુ જ રસપ્રદ ટોપીક હતો, કે પૈસા વાપરવા જોઈએ કે કંજૂસાઈ કરવી જોઈએ.... કહેવત છે ને કે “વાપરતા વધે”... એ કહેવત ને અનુસાર પૈસા વાપરવા જોઈએ.... પણ તમને ખબર છે આ કહેવત તો તમારા જ્ઞાન માટે પડી છે કે જ્ઞાનને વાપરો અને બીજા માટે વાપરો. હાં જો તમે પૈસા પણ બીજા માટે વાપરતા હોય તો અતિ ઉત્તમ પણ અહીં તો મારી સખીઓની વાત છે પૈસા પોતાના માટે વાપરવાની.

... બેન તારા પૈસા તો આમ જ પડ્યા–પડ્યા સડી જશે. જમાના સાથે તાલ મીલાવવો હોય તો પોતાના માટે પણ થોડા ખર્ચા કરવા પડે. પ્રસંગે ઠસ્સો બતાવવો પડે... આ જો તે તો આપણી કીટી પાર્ટીમાં ડ્રેસ રીપીટ કર્યો ને ?.... તું તો ભાઈ તારા ઓર્નામેન્ટ્સ ચેન્જ કરતી જ નથી ? .... આ છ મહિનાથી તને જોવ છું એક ના એક ચપ્પલ પહેરીને આવે છે !!! વિગેરે... વિગેરે... આવી બિનજરૂરી – બિનમતલબી વાતો ચાલતી હતી અને પાર્ટીએ રંગત જમાવી હતી. એવામાં અમુક સખીઓએ વાત મુકી કે આવતા વિકમાં આપણે શોપીંગ કરવા જવાનો પ્લાન કરીએ. નવી – નવી ફેશનનું કાંઈ આવ્યું હોય તો બધા લઈ આવીએ... અરે ફલાણી દુકાનમાં તોન વો માલ આવી ગયો છે. હા, હમણા તો ઘણા બધા એડવર્ટાઈઝમાં ફ્લાયર પણ આવે છે.... આ દિવાળી નજીક આવે છે ને પાછળ–પાછળ લગ્નની સીઝન પણ આવે જ છે. બધાને નજીકના કે દુરના લગ્નમાં તો જવાનું થશે જ.... ચાલો તહેવાર અને લગ્ન બન્ને સચવાઈ જાય એવી કાંઈ ખાસ ખરીદી કરી આવીએ. અરે મને તો શોપીંગ કર્યાને એક મહીનો થઈ ગયો – કાંઈ નવું લીધું જ નથી ને. ચાલો નક્કી કરો – જશું ને બધા ???

ના યાર તમે જઈ આવો. મારે હમણા કાંઈ નથી લેવું. .... મારે પણ નથી આવવું.... પછી જોઈ–જોઈને ખાલી મન થઈ જાય અને નકામો ખર્ચ થઈ જાય ... અરે ખર્ચ થશે તો તે તારા પોતાના માટે જ થશે ને ? તું ક્યા બીજાને માટે વાપરવાની છે ? પોતાના માટે પણ કંજૂસાઈ કરવાની ? બેન તું તો ભારે કંજૂસ ! .....અરે હું પણ વિચારૂં છું કે નથી આવવું... હજુ ગયા વર્ષે લીધેલી સાડી અને ડ્રેસ એવા ને એવા અકબંધ જ પડ્યા છે. .... આ શું બધા પાણીમાં બેસી ગયા ? હમણા તો કેવી જોરદાર વાતો કરતાં હતાં ? તમારી તો વાતો કરવાની રીત જુદી અને પૈસા વાપરવાના થાય ત્યારે કંજૂસ બની જાવ. .... બોલ તું તો આવીશ ને ! તમે તો બન્ને જણા કમાવ છો... તો પૈસા વાપર... ભેગા કરીને ક્યાં જવું છે ? .....ના મારે પણ હમણાં કાંઈ લેવાનું નથી. તારો આગ્રહ છે તો વીન્ડો શોપીંગ માટે આવીશ– પણ પર્સમાં ફક્ત મોબાઈલ સીવાય કાંઈ નહીં લાવું જેથી ફાલતું ખર્ચ થાય નહીં.... તારા ઘરવાળા તો બહુ જ કમાઈ છે તો તું કેમ વાપરતી નથી ? જો તારા જેટલી આવક મારે હોય ને તો હું તો ત્રીસેય દિવસ નવા–નવા ડ્રેસ ઘરમાં પહેરુ, અને બહાર ના તો અલગ. ... યાર તમે બધા આટલા–બધા કેમ કંજૂસ છો ? બસ વાપરો, મોજ કરો અને ફેશનમાં રહો એ જ જીવનમંત્ર હોવો જોઈએ, આજના જમાનામાં તો જે મોજ–મસ્તીથી જીવે હરે–ફરે અને ફેશનમાં રહે એની જ બોલબાલા છે. તમે તો ભાઈ ભારે અરૂણા .... બહુ બધી કંજૂસાઈ સારી નહીં, પડ્યા–પડ્યા તમારા પૈસા કટાઈ જશે, નોટો સડી જશે. ઉપર જશો ને ત્યાં કાંઈ સાથે નથી લઈ જવાનું...

જીંદગી એક જ વખત મળે છે, બધા જ શોખ પૂરા કરી લેવાના. ખાઈ–પી લેવાનું, મનગમતું પહેરી–ઓઢી લેવાનું, આટલી બધી કંજૂસાઈ નહીં કરવાની – શોપીંગ માટે બધાએ આવવાનું જ છે – જે સખીઓ ના પાડે છે ને એ બધાને ખરીદી કરવામાં હું – અમે બીજા બધા હેલ્પ કરીશું. તમે મોબાઈલની સાથે ક્રેડીટ કાર્ડ લઈને આવજો....આમ ખૂબ જ શાણપણથી કંજૂસાઈ ઉપર પણ સખીઓ વચ્ચે લાંબુ લચ પ્રવચન ચાલ્યું....

... આ જો આજે આ પાર્ટીમાં મે પહેર્યો એ ડ્રેસ પણ મારો મે હમણા જ ખરીદ્યો છે. એના પહેલા રક્ષાબંધન ઉપર પણ મેં નવો ડ્રેસ લીધેલો. અને શોપીંગમાં જશું ત્યારે પણ ગમશે તો લઈ જ લઈશ અરે યાર નવી–નવી ફેશનનું લેતું રહેવાનું, બાળકો અને પતિને પણ લેવરાવતું રહેવાનું જેથી પૂરૂ ફેમીલી વાર–તહેવારે નવું–નવું પહેરીને નીકળીએ તો ચાર માણસ વચ્ચે ઠસ્સો પડે. આમ બહાર નીકળીએ ને તો આપણો વટ પડવો જોઈએ. અમારે ભલે તમારા જેટલો પૈસો નથી, પણ અમે તમારા જેટલા કંજૂસ પણ નથી. પોતાની પાછળ ખર્ચ કરીને રૂપિયા વાપરી જાણીએ છીએ.

આમા સવાલ ખરીદી ના કરવાનો કે, જમાના સાથે કદમ નથી મીલાવવાનો નથી – જરૂરિયાત મુજબ જમાના સાથે – સમાજમાં પ્રતિષ્ઠા પ્રમાણે રહેવા માટે ચોક્કસ નવી –નવી ફેશન અપનાવવી પણ જોઈએ. જરૂરી ખરીદી કરવી જ જોઈએ. પોતાની જાત ને અપ ટુ

ડેટ રાખવી પણ જોઈએ – પૈસા વાપરવા પણ જોઈએ. પણ એ પોતાની આવકના હિસાબથી ખર્ચ કરવો જોઈએ. કોઈ બ્રાન્ડેડ આઈટેસ આપણા ખીસ્સાને નથી પરવડતી તો આપણે તેના પહેલેર થોડી ઓછી કિંમતની લઈ શકાય – એમાં નાનપ નથી. પછેડી પ્રમાણે સોઠ તાલથી એમાં જ તમારી આવડત અને કુનેહતા છે. પણ શું ચાર માણસો વચ્ચે વટ પાડવા, આહુ–બાહુવાળાને દેખાડો કરવા માટે વણજોઈતી વસ્તુઓનો ઘરમાં ખડકલો કરવો એને જ ઉદારતા કહેવાય ????? પછી ભલે ને કપડાના ઢગલા થાય, વોર્ડરોબ ઓછા પડે !!!! પોતાના ગજા કરતા પણ મોટા સામાજિક વ્યવહાર કરીએ તો જ ઉદારતા દાખવી કહેવાય ??? બીજાની દેખાદેખીથી થતી ખરીદીઓ કે સામાજિક વ્યવહારોથી કદાચ એક વખત વટ પડશે, પણ સાથે લોન કે વ્યાજના ચક્કરમાં પણ વધારો થશે. ઘરવાળો આખો દિવસ મહેનત કરે ત્યારે પૈસા ભેગા થાય. પરસેવાનો પૈસો છે. એ ભલે તમારી ખુશી માટે તમને પૈસા વાપરવાની ના નથી કહેતો. પણ એનો મતલબ એ નથી કે તમે ફાલતું વણજોઈતા ખર્ચા કરો. બિનજરૂરી ખર્ચથી પરિવારની સમસ્યામાં વધારો થાય છે, ઘટાડો નહીં, અને આવી બિનજરૂરી ખરીદી ખર્ચા એ તમારો સામાજિક મોજો વધારતા નથી પણ ક્યારેક હાંસીને પાત્ર પણ થાય છે. આને ઉદારતા નહીં પણ પૈસાનું પ્રદર્શન કહેવાય.

ઘરમાં ભલે બન્ને જણા કમાતા હોઈએ પણ ભવિષ્યનો વિચાર કરીને જરૂરી ખર્ચ કરે એને કરકસર કહેવાય. કંજુસાઈ નથીં પણ કરકસર ભર્યા જીવનથી શરમાવવાની જરૂર નથી, પરંતુ જીવનનું ઘડતર આવડે છે એ માટે હરખાવવાની જરૂર છે, હરખાવવાની ઘડી છે, કરકસર એ બીજો ભાઈ છે.” તમે તમારી આવક મુજબ રહો, તમારા દરેક શોખ પુરા કરો, તમારૂં સામાજિક સ્ટેટ્સ બનાવો પણ સાથે થોડો ભવિષ્યનો પણ વિચાર કરો. તમારા ભવિષ્યના ભોગે આપનો દેખાડો ના કરો. કરકસર અને કંજુસાઈ વચ્ચે એક પાતળી રેખા છે. જો એ રેખા સમજાય તો જીવનના ઘણા બધા મૂલ્યો સમજાય જશે. બીજાને કંજુસાઈની દુવઈ આવ્યા વગર પોતાની ઉદારતા ક્યાં પ્રકારની છે તેની સામે પણ એક નજર નાંખવી જોઈએ. જરૂર પડે જેને ખરેખર જરૂર છે તેને મદદ કરવાની ઉદારતા રાખવી એ મોટી ઉદારતા છે. બાકી તો ભાઈ તમારી આવક–ઘર પ્રમાણે રહેવામાં જ મજા છે. લોકો શું કહેશે ? બીજાને કેવું લાગશે. એના ચક્કરમાં પડ્યાં વગર પોતાની અનુકૂળતા અને આરામદાયક સ્થિતિ જોઈને જ અનુસરવું – રહેવું યોગ્ય છે. બાકી તો ‘અનુપમા સીરીયલ”માં કહે છે તેમ “સબ સે બડા રોગ, ક્યાં કહેંગે લોગ”.... દો રંગી દુનિયા છે. બન્ને બાજુ બોલશે.

ઘર ગૃહિણીનું કહેવાય. એ જેમ સાચવે તેમ પરિવાર સચવાય. એ જેવું આયોજન કરે તેવું પરિવારનું આયોજન સફળ થઈ શકે. પારકી પંચાતમાં પડ્યા વગર આજના મોંઘવારીના જમાનામાં સંભાળીને રહેવામાં જ ઉદારતા છે. બાકી બીજાના કંજૂસ કે ઉદાર કહેવાથી કોઈ ફરક પડતો નથી.

(“સ્વ” અને તેની મુક્તિનો આનંદ)

(અનુ. પાના નં. ૨૧ નું ચાલુ)

તેથી વધુ સાહસી કર્મોની આપણે જરૂર છે. ઉઠો ઉઠો સંસાર દુ:ખથી સળગે છે. શું તમે સુઈ શકશો ? આપણે વારેવારે પોકારીએ જ્યાં સુધી સુતેલા દેવતા ન જાગે, જ્યાં સુધી અંતર્યામી દેવતા તે પોકારનો અવાજ ન આપે, જીવનમાં બીજું શું છે ? આનાથી મહાન કર્મ શું છે ? આગળ તેઓ કહે છે, બ્રહ્માંડમાં કોઈ પણ શક્તિ કોઈ પણ વ્યક્તિને તે ચીજ મેળવવાથી નથી રોકી શક્તી જેનો વાસ્તવમાં તે હક્કદાર છે તેની પ્રબળ ઈચ્છા શક્તિની સામે દરેક વસ્તુએ માથું ઝુંકાવવું પડશે. કારણ કે તે સીધી ભગવાન પાસેથી આવે છે. એક શુદ્ધ અને શક્તિશાળી સંકલ્પ સર્વ શક્તિમાન છે. આમ “સ્વ”ને ભ્રામક ધારણાઓ, વિચારો, રીતી રિવાજો અને ખ્યાલોમાંથી મુક્ત કરવા સ્વામી વિવેકાનંદ સંકલ્પ શક્તિ અને અથગા પ્રયત્નો કરવા પ્રેરે છે.

જ્યારે તમો સ્વયંને જાગૃતપણે, સભાનપણે મુક્ત કરો છો, તમારું સ્વ નિરિક્ષણ, અનુભૂતિ અને સ્વીકાર કરી શકો છો તો તમો કુરિવાજો, ધારણાઓ, રૂઢિચુસ્તતા, વિચારોની કેદ, ભય અને ચિંતા તેમજ ભુત અને ભવિષ્યના વિચારોથી આઝાદ કરો છો અને હવે તમે ખરેખર જાગૃત છો, મુક્ત છો અને આ મુક્તિ તમોને ચોક્કસપણે જીવનમાં બદલાવ સાથે નીચેના ફાયદાઓ પ્રદાન કરે છે.

મુક્ત વ્યક્તિ વર્તમાનમાં જીવી શકે છે તેની દરેક પળ જીવંત અને જાગૃત હોય છે તે વર્તમાન ક્ષણને માણી તેનો ભરપુર આનંદ ઉઠાવી શકે છે કારણ કે ખરૂ જીવન તો વર્તમાનમાં જ છે. જાગૃત હોવાથી તેનું દરેક કાર્ય, વર્તન વિવેકપૂર્ણ રહે છે. તે દરેક સમસ્યા, પ્રશ્નો અને કાર્યો સહજતાથી, સભાનપણે અને ન્યાય સંગત પદ્ધતિથી ઉકેલે છે. તેઓ ધારણાઓ અને માન્યતાઓથી પર હોવાથી તેના નિર્ણયો સચોટ રહે છે. તેઓ દરેક પરિસ્થિતિનું યોગ્ય મૂલ્યાંકન કરી શકે છે. આવી વ્યક્તિઓ ભરપૂર આત્મવિશ્વાસ ધરાવતી હોવાથી મહદ્અંશે સફળતાના શિખરો સર કરે છે અને અન્યો માટે પ્રેરણાસ્રોત બને છે. સ્વીકારનું સામર્થ્ય હોવાથી મુક્ત મનથી તેઓ દરેક સંજોગોમાં આત્મવિશ્વાસથી જીવે છે જે દરેક સમસ્યા તેમના માટે હળવી બનાવે છે.

આમ “સ્વ”ની અનુભૂતિ, સ્વીકાર, મુક્તિ એટલે કે સ્વતંત્રતા એ જ સાચું જીવન છે જે સજાગ બ્રહ્માંડનો એક હિસ્સો છે. ઈશ્વરની કૃપા અને આશીર્વાદ છે. મુક્તિનો આનંદ મેળવી સર્વે પોતાનું જીવન ધન્ય બનાવે તેવી શુભેચ્છા સહ...

અમૂલ્ય પ્રથા

- જયશ્રીબેન ઠાર (પૂના)

અરે આવ્યા, કશમીરી અને રેશમપટ્ટી મરચુ લઈ આવીને ! કલર લાલ મજાનો સરસ આવવો જોઈએ ! હળદરને પણ તેલ લગાવીને રાખી દીધી છે ને ? ધાણા લીલાછમ લીધા હશે ! આવા કંઈક કેટલા સવાલો થઈ રહ્યાં છે ? ત્યાં તો ચારચાની કાકીજી બોલ્યા મારે તો બધા મસાલા તૈયાર થઈ ગયા. બરણીમાં ભરીને રાખી દીધા હવે આખા વર્ષની શાંતિ થઈ ગઈ. સમયસર મસાલા, અનાજ, અથાણા વેફર્સ ખીચ્યા થઈ જવા જોઈએ. બાકી "મારી તો નીંદર ઊડી જાય."

ખરેખર આરચાની નીંદર ઊડી ગઈ. એ એકદમથી બેઠી થઈ ગઈ. ચારે બાજુ જોવા લાગી. ક્યાં કોઈ દેખાયું નહીં. ચારેબાજુ અંધારું હતું. મનમાં વિચારવા લાગી શું ચાલી રહ્યું છે. ઘડીયાર હાથમાં લેતા ખબર પડી કે વહેલી સવારે ૪ વાગ્યાં છે. તેને સમજાયું કે આતો તેનું સ્વપ્ન હતું.

હાલ આપણા દેશની દરેક ગૃહીણીની આ પરિસ્થિતિ છે. સ્વપ્નમાં પણ મસાલા, ઘઉં, અથાણા, દાળ આવા વર્ષ આખાના ભરવાના પદાર્થોના વિચારો આવે છે. ગૃહણીની સ્વપ્નમાં આ હાલત હોય તો હકીકતમાં તો કઈ સ્થિતિમાંથી એ પસાર થતી હશે તે તો વિચારવું જ રહ્યું.

અરે ત્યાં સુધી જોવા મળે કે ગૃહણીઓ રસ્તામાં કે પ્રસંગમાં કે, સત્સંગમાં કે પછી ફોનમાં વાત કરતા હોય કે મળતાં હોય તો વાતનો દોર તો એ રીતે શરૂ થાય કે ઘઉં ભરી લીધા ? મસાલા થઈ ગયા ? ક્યાંથી ધાણા લીધા ? ઘઉં કેમ આવ્યાં ? વેફર્સ થઈ ગઈ ? ખીચા માટે તડકો સારો પડે છે. છૂંડો તો આવા જ તડકામાં થાય.

આપણા દેશમાં માર્ચથી જૂન સુધીનો સમય એટલે મન, જીભ અને પોટોળા (પેટને) અત્યંત જરૂરી અને આનંદ આપતા ખાદ્યા પદાર્થોને બારેમાસ માટે સ્ટોર રૂમમાં સ્ટોર કરીને માનસિક શાંતિ મેળવવાનો અવસર.

ભારતની દરેક ગૃહણી આ અવસરની તક ઝડપીને ખૂબ મહેનત કરીને પોતાના રસોડાને રંગબેરંગી મસાલા, અથાણા અને ધન–ધાન્યથી શોભાવે છે.

જાણે આ સીઝનલ વસ્તુ બનાવવાની મોસમ આવી હોય ને એવું તમે દરેક જગ્યાએ અનુભવો. ગૃહણીઓની વાતોમાં તો જોવા મળશે જ. આ અનાજની બજારમાં, દરેક દુકાનો વિવિધ રંગોના મસાલાઓથી સુશોભિત જોવા મળશે. ઘઉં ચોખા દાળો અલગ અલગ પ્રકારોથી ભરપૂર જોવા મળશે. અથાણાનાં લાલા, લીલા પીળા કલરનાં પેકીંગ તમારૂ મન હરી લે. આવા નવરંગી રંગો અને સરસ ખુશબુદાર મસાલા, અનાજ અને અથાણાની સુગંધ તમારા મનની અને જીભની ઈન્દ્રિયોને ઉત્તેજીત કરતી હોય છે.

આપણા જીવનમાં તહેવારો અને ઉત્સાહો આનંદ અને ઉત્સાહભરી દે છે. એ જ રીતે આ સીઝનલ મોસમ દરેક ગૃહણીના જીવનમાં નવું જોમ ભરી દે છે. આ દશ્યને નિહાળવું અને માણવું એ પણ આપણા જીવનની સુંદર 'પળો' છે. જે ભાવિજીવનનાં અમૂલ્ય સંસ્મરણો બને છે.

આપણા દેશની વર્ષોથી ચાલી આવતી આ પ્રથા ખૂબ જ ઉપયોગી અને ઉત્તમ છે.

આ વર્ષ આખાના ધન–ધાન્ય મસાલા વગેરે ભરવાની રીત આર્થિક રીતે ખૂબ જ લાભદાયી છે જ, પણ વસ્તુની ઉત્તમતા ને જોતા વધારે ઉપયોગી છે. સીઝનમાં જે અનાજ આવે તે રંગ, રૂપ અને ગુણ બધી રીતે શ્રેષ્ઠ હોય છે. આખા વર્ષમાં આવી ગુણવત્તા મળતી નથી. વધારે પૈસા આપો તો પણ સમય નાં પાક જેવી મીઠાસ તાજગી અને દેખાવ મળતા નથી.

સૌથી મહત્ત્વની અને અગત્યની બાબત એ બને છે કે બારેમાસ માટે આ ચીજવસ્તુ ભરવાથી અને બનાવવાથી 'ઘર' ધન–ધાન્યથી ભરપૂર રહે છે. (Home Maker) ગૃહણીનું મન પણ સંતોષ અને શાંતિથી વ્યાપ્ત રહે છે.

આપણા પૂર્વોજો એ બનાવેલી આ પ્રથા આપણા આજના જીવનમાં પણ ઘણી ફાયદા આપનારી છે.

(૧) સ્થિર બજેટ :– સૌ પ્રથમ તો રસોડાનો ખર્ચ બેલેન્સ રહે છે. ઘરનો ખર્ચ વ્યવસ્થિત ચાલે છે. કારણ આખા વર્ષનું અનાજ, તેલના ડબા મસાલા વગેરે ભરેલા હોવાથી બાકી પરચુરણ જ વસ્તુઓ જેવી કે પૌઆ, મીઠું, સીંગદાણા, રવો મહિનાથી મહિના ભરવાના રહે છે.

(૨) આર્થિક બચત : બારેમાસની ચીજવસ્તુ ભરવાથી આર્થિક રીતે ઘણો ફાયદો થાય છે. સીઝનલ વસ્તુઓ હંમેશા સસ્તી અને સારી આવે છે. તે જ વસ્તુઓના ભાવ વર્ષ દરમિયાન વધતા હોય છે. ઘણીવાર ઘણી વસ્તુઓની અછત પણ થઈ જતી હોય છે.

ચીજવસ્તુઓની અછત થાય કે ભાવ વધે તો પણ આપણે કંઈ ફર્ક પડતો નથી. આપણે નિશ્ચિંત હોયે છીએ. આપણું પર્સ અને મન ખુશીથી ભરેલા રહે છે.

(૩) સર્વોત્તમ પદાર્થો : સીઝનલ ફ્રુટ અને શાકભાજી પણ ગુણવત્તાની દૃષ્ટિએ ઉત્તમ અને સ્વાદની દૃષ્ટિ એ મીઠાને સ્વાદિષ્ટ હોય છે. આપણે તે ખાવાનો આગ્રહ પણ રાખતા હોઈએ છીએ. તો પછી આ તો સીઝનલ ધન-ધાન્ય અને બીજી વસ્તુઓ તો સારામાં સારી ઉત્તમ પ્રકારની મળવાની જ છે. બીજુ સીઝન હોવાથી દરેક દુકાનમાં પદાર્થોની વેરાયટી જોવા મળે છે. આપણે પસંદગીની તક મળે છે. મનપસંદ વસ્તુઓ લઈ શકીએ છીએ.

(૪) વિષમ પરિસ્થિતિમાં દોસ્ત : ઘર ધન-ધાન્ય અને બીજી અનેક ચીજવસ્તુઓથી ભરેલું હોય તો ગમે તેવી પરિસ્થિતિ આવે પણ આપણે તેનો સામનો હસતા હસતા કરી શકીએ છીએ. અચાનક મહેમાન, પ્રસંગ કે ઉપાધિ આવે તોએ આપણું રસોડું દ્રૌપદીના અક્ષય પાત્રની જેમ ભરેલું રહે છે. કુદરતની વિષમથી વિષમ સમય આવે ત્યારે આપણી આ પ્રથાને કારણે ઘરનો ભરેલો ભંડાર આપણે સહારો આપે છે.

કુદરતની વિષમ પરિસ્થિતિ એટલે તમે સમજી ગયા હશો. આપણે સર્વ કરોનાના કપરા કાળમાંથી પસાર થયાં છે ત્યારે આપણા સર્વની શું હાલત થઈ હતી. તે આપણે સર્વ સારી રીતે જાણીએ છીએ. તેવા સમયે જેના ઘર આ વાર્ષિક પ્રથાને લીધે ભરેલા હતા. તેઓને કોઈ પણ જાતની આંચ આવી ન હતી. તેમને ખાવાની ચિંતા ન હતી, કે ન લાઈનમાં ઉભા રહેવાની જરૂર પડી હતી. તેઓ મનગમતું ભોજન આરોગતા હતા. ઘણી ગૃહણીઓએ તો નવી નવી ડીસની રેસીપીના અખતરા પણ આ સમય દરમિયાન કર્યાં હતાં. રોજે સ્વાદિષ્ટ અને સુંદર વાનગી બનાવીને ઘરનાં સભ્યોને આનંદમાં રાખ્યાં હતાં.

આવા ધન-ધાન્યથી ભરેલા ઘરની ગૃહણીને ગૃહલક્ષ્મી કહે છે. આવી ગૃહલક્ષ્મી પોતાનું ઘર ધન-ધાન્ય, આત્માનો આનંદ અને મનની સુખ-શાંતિથી સદા સમૃદ્ધ રાખે છે.

ચાહે તે આર્થિક કે શારીરિક રીતે નિર્બળ અને અસહાય હોવા છતાં. પોતાના તન અને મનને સશક્ત બનાવીને પોતાના ઘરનો કોઠાર સદા ભરેલો રાખે છે.

આવી જ એક ગૃહલક્ષ્મીની યાદ આવી ગઈ. આપણા ભારતની સામાન્ય નારી પણ ગૃહલક્ષ્મી બનીને પોતાના ઘરને ગૃહમંદિર કેવી રીતે બનાવે છે. તેનો ઉત્તમ દાખલો છે.

જાનકી સાવ સામાન્ય ઘરની સ્વમાની મહેનતુ ગૃહણી હતી. પોતાનું ઘર બીજાના ઘરની રસોઈ બનાવીને ચલાવતી હતી. તેના પતિની આવક ઓછી હતી. ઘરમાં બે નાના બાળકો હતાં. વળી સાસુ-સસરાની સેવા, ખૂબ જ જાત-મહેનત કરીને પોતાના ઘરની શાન સમાજમાં બની રહે એ માટે સતત પ્રયત્ન કરતી.

એમાંયે જ્યારે વર્ષ આખાનું બધું ભરવાની અને બનાવવાની સીઝન આવે ત્યારે તેનાં મનનાં મોરખાઓ નાચી ઉઠતા, તે વધારે મહેનત કરવા સુસજ્જ થઈ જતી. તેનું મન અને તન પણ જાણે તેના આ પડકાર ઝીલવા કટીબદ્ધ થઈ જતા.

એ લોકોના ઘઉં ચારવા જતી, ઘઉંને વીણીને સાફ કરીને એરન્ડીયું દઈને વ્યવસ્થિત રીતે કોઠીમાં ભરી આપતી. દુકાનોમાં જઈને દાળ વીણતી અને પેકેટ બનાવીને તૈયાર કરતી. લોકોના મસાલા પણ સાફ કરીને પીસાવીને તેલ દઈને ભરી આપતી. આ રીતે સીઝનની દરેક વસ્તુ બીજાને કરી આપતી તે આવકથી પોતાના ઘરનો કોઠાર સજાવતીને મનમાં ને મનમાં હરખાતી કે મારું ઘર પણ ધન-ધાન્યથી ભરેલું છે.

તમને થશે કે આવું તો ઘણી નારી કરતી હોય છે. ખરૂને ? પણ જાનકીના પગમાં પોલીયો થયેલો. આથી તેને ચાલવામાં ઘણી તકલીફ થતી. ટૂંકમાં તેને માટે આ બધું કાર્ય કરવું સહેલું ન હતું. મા-બાપને ત્યાં જોયેલી રીત, સંસ્કાર અને ગૃહલક્ષ્મીની મહત્તા તેને આ સર્વ કાર્ય માટે શક્તિ આપતા. આથી મને પણ નારીશક્તિ માટે ગર્વ છે.

મારા ખ્યાલે વર્ષ આખાનું સીઝનમાં અનાજ, મસાલા વગેરે ભરવાની રીત આપણા દેશમાં જ છે. હા, Of Course જ્યાં વસે ગુજરાતી ત્યાં આ પ્રથા જોવા મળશે જ ! જીવનમાં અતિ મહત્ત્વ અને જરૂરી રીત છે.

આપણા વડવાઓની આવી સુંદર અને ઉત્તમ પ્રથા આજે પણ આપણી જીંદગીને સુવ્યવસ્થિત અને સુખદાયી બનાવે છે. તેથી આ પ્રથા ચાલુ કરનાર આપણા વડિલોને અતિ માનથી અને ગર્વથી સલામ કરું છું. અમૂલ્ય પ્રથાને સલામ કરું છું.

વાનગી વિભાગ

- નીતાબેન ગાંધી (અમદાવાદ)

(૧) કાચી કેરીનો જામ

સામગ્રી : ૫૦૦ ગ્રામ કાચી કેરી, ૫૦૦ ગ્રામ ખાંડ, ચપટી ગ્રીન ફુડ કલર, ચપટી મીઠું

મીડીયમ સાઇઝની કઠણ ગ્રીન કલરની કાચી કેરી લેવી.

રીત : કેરી ધોઇને લૂછી લેવી. સ્ટીલના કૂકરયા અઢી ગ્લાસ પાણી લઈ કેરીના બે ટુકડા કરી ગોટલી કાઢી ચાર સીટી વગાડી કેરી બાફી લેવી. કેરીને છાલ સહિત જ બાફવી સ્ટીલના ચપ્પા વડે કેરી સમારવી જેથી કેરી કાળી ના પડે. કેરી ઠંડી થાય પછી હાથ વડે છાલ અલગ કરી પલ્પને ગાળી બાઉલમાં પલ્પ રાખવો નોનસ્ટિક કડાઈમાં પલ્પ અને ખાંડ મિક્સ કરી સાત મિનિટ સુધી સતત હલાવતા રહેવું. એકદમ ટ્રાન્સપરન્ટ પલ્પ થાય ત્યાં સુધી હલાવવું. કાચની પ્લેટમાં થોડો પલ્પ મૂકી થોડું ઠંડુ થાય ત્યારબાદ પ્લેટની વાકી વાળી જોઈ લેવું પલ્પમાંથી પાણી ન છૂટે તો જામ તૈયાર થઈ ગયો. ચપટી મીઠું અને ફુડ કતર મિક્સ કરવું. થોડીવાર પછી એરટાઈટ બોટલમાં જામ ભરી લેવો.

નોંધ : લાંબા સમય માટે જામ રાખવો હોય તો રાયના દાણા જેટલા લીંબુના ફૂલ એડ કરવા અને સો (૧૦૦) ગ્રામ ખાંડનું પ્રમાણ એડ કરવું.

(૨) ચટપટી કેન્ડી

સામગ્રી : ૫ નંગ કાચી કેરી (તોતાપુરી), ૧૫૦ ગ્રામ પીસેલી મિસરી, ૧ ટી. સ્પૂન જીરું પાવડર, ૧ ટી. સ્પૂન મરચું પાવડર, ૧ ટી. સ્પૂન ચાટ મસાલો, ૧ ટી. સ્પૂન સિંધવ, ૧ કપ ફ્રેશ ફુદીનાના પાન

રીત : કેરીની છાલ કાઢી ટુકડા કરવા. મિક્સરમાં કેરી ફુદીનાના પાન ચાર ચમચી પાણી નાખી ક્રશ કરવું જરૂર લાગે તો થોડું પાણી એડ કરી ફરી સ્મુધ પેસ્ટ તૈયાર કરવી. કેરીનો પલ્પ ગાળી તેમાં સિંધવ, ચાટ મસાલો, જીરુ પાવડર, મરચું પાવડર અને મિસરી મિક્સ કરી હલાવવું. નોનસ્ટીક તવામાં એક ચમચી ઘી લઈ પેસ્ટ એડ કરવી. સતત હલાવતા રહેવું. સાત મિનિટ સુધી હલાવવું એકદમ ઘટ્ટ શીરા જેવું મિશ્રણ થાય ત્યાં સુધી હલાવવું. થોડો ફુડ કલર મિક્સ કરી મિશ્રણ રુમ ટેમ્પરેચર પર આવે ત્યારબાદ થાળીયા ઘી લાગવી. મિશ્રણ પાથરી દેવું કીડી ડે જીવજંતુ ન જાય તેનું ધ્યાન રાખી બે દિવસ છાયે સૂકવવું. ત્યારબાદ ચોરસ ટુકડા કરવા. બાઉલમાં સંચળ પાવડર ચાટનલાલો નાખી બધા ટુકડા રગદોળવા. કેન્ડી તૈયાર થઈ જશે. છ મહિના સુધી બહાર પણ સારી રહી શકશે.

નોંધ : તડકે પણ સુકવી શકાય. પાતળું કપડું ઢાંકીને બહુ તડકોન લાગે તેનું ધ્યાન રાખવું તેથી ચવડ ન થઈ જાય. એક જ દિવસમાં અંદર લઈ લેવું.

(૩) મેંગો કોકોનટ બરફી

સામગ્રી : ૩ નંગ રત્નાગીરી કેરી, ૧૫૦ ગ્રામ ખાંડ, ૧ ગ્લાસ દુધ, ૧ કટોરી કોકોનટ છીણ, ૧ ટી. સ્પૂન કેસર

રીત : કેરીને છાલ કાઢી ટુકડા કરવા ખાંડ મિક્સ કરી પલ્પ તૈયાર કરવો. ગાળીને તૈયાર રાખવો. નોનસ્ટિક પેનમાં એક ચમચી ઘી લઈ દૂધ રેડવું. બે ચમચી ખાંડ નાખી દૂધ ઉકાળવું કેસર દૂધના પલાળી મિક્સ કરવું. મિશ્રણ હલાવવું કોકોનટ પાવડર મિક્સ કરીને હલાવવું ઘટ્ટ મિશ્રણ તૈયાર થાય પછી કેરીનો પલ્પ એડ કરવો. એક ચમચી ઘી નાખી લોયામાંથી મિશ્રણ છુટુ પડે ત્યાં સુધી સતત હલાવવું. ચોરસ ડબ્બામાં અથવા ટ્રે માં બટર પેપર મુકી મિશ્રણ પાથરવું. ઉપર ચાંદીનો વરખ લગાડી ચોરસ ટુકડા કરી મેંગો કોકોનટ બરફી સર્વ કરવી.

નોંધ : ઈચ્છા હોય તો એલચી પાવડર નાખી શકાય. વરખ ના વાપરવું હોય તો કાજુ અને પીસ્તાની કતરણ સ્પ્રિંકલ કરવી.

(૪) મેગો માલપુવા

સામગ્રી : નંગ પાકી કેરીનો પલ્પ, ૨૫૦ ગ્રામ ખાંડ, ૨ કપ દૂધ, ૧૫૦ ગ્રામ મેંદો, ૫૦ ગ્રામ રવો (સોજી), ૧ ચમચી કેસર પાણીમાં ઓગાળેલું, ૧ ચમચી એલચી પાવડર, ૨૦૦ ગ્રામ ઘી

રીત : બાઉલમાં મેંદો, રવો અને કેરીનો પલ્પ મિક્સ કરી થોડું થોડું દૂધ નાખી બેટર તૈયાર કરો. ઢાંકીને અડધી કલાક રહેવા દો. કડાઈમાં ખાંડ નાંખી ખાંડ ડૂબે તેટલું પાણી નાખી ખાંડ ઓગળે ત્યાં સુધી હલાવો. પલાળેલું કેસર અને એલચી પાવડર નાખી ચાસણી તૈયાર કરો. દોઢ તારની ઘટ્ટ ચાસણી બનાવવી. તવામાં ઘી મૂકી બેટર મા જરૂર લાગે તો થોડું દૂધ નાખી ચમચા વડે બેટર નાખી માલપુવા બનાવો ઉપર ગરમ ઘી રેડો. માલપુવા ઉપર આવી જશે. મીડીયમ તાપે બનાવવા. પલટાવી બીજી બાજુ તળીને કાઢી લેવા આ રીતે માલપુવા તૈયાર કરો. ચાસણીમાં બને સાઇડ પાંચ મિનિટ પલળવા દો. ચિપીયા વડે કાઢી માલપુવા ઉપર ડ્રાયફ્રૂટની કતરણ છાંટી સર્વ કરો.

શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ

(ટ્રસ્ટ રજી.નં. ઈ-૮૯૬૫, અમદાવાદ)

કહાન ફ્લેટની બાજુમાં, દોલતખાના, સારંગપુર, અમદાવાદ.

શૈક્ષણિક દત્તક યોજના (ધો-૧૦, ૧૧, ૧૨) અરજી ફોર્મ

તા. ....

પરિવારની વિગત

સભ્યપદ નંબર : .... સભ્યનો મોબાઈલ નંબર : ....

સભ્યનું પૂરું નામ : ....

સભ્યનું પૂરું સરનામું : ....

....

પરિવારની વાર્ષિક આવક : .... પરિવારની કુલ સભ્ય સંખ્યા : ....

પરિવારના અભ્યાસ કરતા બાળકોની સંખ્યા : ....

વિદ્યાર્થી-વિદ્યાર્થિનીની વિગત

પુરૂ નામ : ....

મોબાઈલ નં. : .... મેઈલ આઈ.ડી. : ....

કઈ કક્ષા માટે સહાય જોઈએ છે ? ધો. ૧૦ ☐ ધો ૧૧ ☐ ધો. ૧૨ ☐ (ખાનામાં ...✓... કરવી)

સ્કૂલ-ક્લાસીસની વિગત

સ્કૂલનું નામ : ....

સ્કૂલનું સરનામું : ....

....

સ્કૂલની વાર્ષિક ફી : .... સ્કૂલનો ફોન નંબર : ....

(ક્લાસીસ કરતા હો તો) ક્લાસીસનું નામ : ....

ક્લાસીસનું સરનામું : ....

....

ક્લાસીસની વાર્ષિક ફી : .... ક્લાસીસનો ફોન નંબર : ....

અન્ય સંસ્થામાંથી સહાય લેતા હો તો

સંસ્થાનું નામ : ....

સહાયની રકમ : .... સંસ્થાનો ફોન નંબર : ....

વિદ્યાર્થી/વિદ્યાર્થિનીની સહી : .... વાલીની સહી : ....

નોંધ : (૧) અરજી સાથે છેલ્લે આપેલ ૨(બે) પરીક્ષાની માર્કશીટ આપવી જરૂરી છે.

(૨) અધુરૂ અરજી ફોર્મ કે માર્કશીટ વગર આપેલ અરજીફોર્મ ધ્યાનમાં લેવામાં નહીં આવે.

શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ

(ટ્રસ્ટ રજી.નં. ઈ-૮૯૬૫, અમદાવાદ)

કહાન ફ્લેટની બાજુમાં, દોલતખાના, સારંગપુર, અમદાવાદ.

સ્કોલરશીપ માટેની અરજી (ધોરણ ૮ થી ૧૨ માટે)

સંસ્થાનો સભ્યપદ નં. : .... તારીખ : ....

વિદ્યાર્થી/વિદ્યાર્થિનીનું પૂરૂં નામ ....

(અટક) (નામ) (પિતાશ્રીનું નામ) (દાદાનું નામ)

જન્મતારીખ : .... ઉંમર વર્ષ : ....

હાલનું પૂરૂં સરનામું : ....

.... મો.નં.: .... ઈ–મેઈલ: ....

છેલ્લે પાસ કરેલ પરીક્ષાઓ

૧. .... પરિણામ .... %

૨. .... પરિણામ .... %

૩. .... પરિણામ .... %

કયા સ્ટાન્ડર્ડ માટે સ્કોલરશીપ જોઈએ છીએ ? ....

સ્કૂલ / કોલેજનું નામ તથા સરનામું : ....

પરિવારની કુલ સભ્યસંખ્યા : .... પરિવારની કુલ વા.આવક રૂા. .... પરિવારમાં અભ્યાસ કરતા બાળકો: ....

અન્ય સંસ્થા પાસેથી સ્કોલરશીપ મેળવી હોય તો તેની વિગત: ....

(સંસ્થાનું નામ : .... મળેલ સ્કોલરશીપ રૂા. ....)

વાલીની સહી / તારીખ: .... વિદ્યાર્થી / વિદ્યાર્થિનીની સહી / તારીખ ....

ફોર્મ સાથે નીચે મુજબ ડોક્યુમેન્ટ આપવા

(૧) ઓરિજનલ ફીની પહોંચ અને તેની એક ઝેરોક્ષ કોપી (૨) ઓરીજનલ માર્કશીટ અને તેની એક ઝેરોક્ષ કોપી

(બંને ઓરીજનલ ઝેરોક્ષ કોપી સાથે મેળવી પરત આપી દેવામાં આવશે)

નોંધ : ચાલુ શૈક્ષણિક વર્ષ કે ચાલુ ટર્મ માટે જ સ્કોલરશીપ મળશે.

– નાપાસ થયેલ, ફરી વખત પરીક્ષા આપતા કે એટીકેટી આવેલ હોય તે વિદ્યાર્થી– વિદ્યાર્થિનીને સ્કોલરશીપ મળશે નહીં.

– સંસ્થાની કમીટીનો નિર્ણય દરેકને બાધ્ય રહેશે.

– અધુરી માહિતી વાળુ ફોર્મ સ્વીકારવામાં નહીં આવે.

સંસ્થાના સભ્યે ભરવું

હું સ્કોલરશીપની અરજી આપનાર આપણી સંસ્થાના વિદ્યાર્થી / વિદ્યાર્થિનીને તથા તેમના પરિવારને ઓળખું છું અને તેમને સ્કોલરશીપ આપવાની ભલામણ કરૂં છું.

સભ્યનું પૂરૂં નામ .... સભ્યનો સભ્યપદ નં.: ....

સભ્યનો મોબાઈલ નં.: .... સભ્યનું ઇ–મેઇલ આઇ.ડી.: ....

સભ્યની સહી / તારીખ

સંસ્થાના ઉપયોગ માટે

અરજદારનું નામ: ....

અરજી : મંજુર / નામંજુર મંજુર થયેલ સ્કોલરશીપ રૂા. .... મંજુર થયા તારીખ: ....

સંસ્થાની અધિકૃત વ્યક્તિની સહી

શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ

(ટ્રસ્ટ રજી.નં. ઈ-૮૯૬૫, અમદાવાદ)

કહાન ફ્લેટની બાજુમાં, દોલતખાના, સારંગપુર, અમદાવાદ.

સંસ્થાના સભ્ય થવા માટેનું ફોર્મ

હું આપણી સંસ્થાનો સભ્ય થવા ઈચ્છું છું. સંસ્થાના ધારા–ધોરણ અને નિયમોને આધીન હું સભ્ય થવા અને સંસ્થાના નિયમો પાળવા હું અને મારા પરિવારના સભ્યો અમારી સંમતિ આપીએ છીએ. જરૂરી માહિતી નીચે મુજબ છે.

નામ: ....

(મુખ્ય વ્યક્તિનું નામ) (પિતા / પતિનું નામ) (દાદા / પતિના પિતાનું નામ) (અટક)

મુળ વતનઃ .... મો.નં.: .... ઈ–મેઈલ: ....

રહેણાંકનું પૂરૂં સરનામું: ....

....

વ્યવસાય / નોકરી: .... ટે.નં.: ....

વ્યવસાયનું સરનામું: ....

....

પરિવારની કુલ સભ્ય સંખ્યા: પુરૂષ .... મહિલા .... (૧૮ વર્ષથી નીચેના સંતાનો) ....

અમદાવાદમાં કેટલા સમયથી વસવાટ કરો છો? ....

કોઈ સંસ્થામાં કાર્યકર / હોદ્દેદાર તરીકેનો અનુભવ હોય તો તેની વિગત: ....

સંસ્થાના પરીચિત વર્તમાન સભાસદનું નામ: ....

સભાસદનો સભ્યપદ નં.: .... સભાસદનો મો.નં.: ....

સભાસદનું પૂરૂં સરનામું: ....

સંસ્થાની આજીવન સભ્યપદ ફીના રૂા. ૧૫૦૦/– આ સાથે મોકલેલ છે.

(રોકડા / ચેક / ટ્રાન્સફરની વિગત: ....)

નોંધઃ (૧) ફોર્મ સાથે રહેણાંકનું છેલ્લું ઈલેક્ટ્રીક બીલ સામેલ કરવું. (૨) અધૂરી માહિતીવાળું ફોર્મ રદ થશે. (૩) સભ્યપદની અરજી કારોબારીમાં મંજૂર થશે તો જ સભ્યપદ ચાલુ થશે.

તારીખઃ .... અરજદારની સહી: ....

સભ્યપદ મંજૂર / નામંજૂર .... તારીખઃ ....

સંસ્થાના પદાધિકારીની સહી

Dentall Icon

SINCE 1986

સૌજન્ય જીવાણી પરિવાર

ડૉ. શુચિ શાહ (જીવાણી) (BDS, MDS)
ડૉ. હિતેન્દ્ર શાહ (BDS, MDS)
35 વર્ષથી અવિરત પ્રેક્ટિસ સાથે
"Cosmocare Dental Clinic"
શિવરંજનીનું નવું નામ અને નવું સ્થળ



"The Dentall Icon"
સેટેલાઈટ, અમદાવાદ

સરનામું :
3, પાયલ પાર્ક સોસાયટી, સ્ટાર બજારની નજીક,
સેટેલાઈટ, અમદાવાદ -15
Contact : +91 95123 40303 | +91 95123 40305
+91 91734 76547

પેહલો માળ, ઝલક કોમ્પ્લેક્ષ, ભટ્ઠા,
પાલડી, અમદાવાદ - 7
Contact : +91 63523 15478

દાંતની દરેક સારવાર ઉપર આભાર વ્યક્ત કન્સેશન

ઉપલબ્ધ વિશિષ્ટ સારવારો

- Smile Design
- Veneers
- Implant & Full Mouth Rehabilitation
- Sleep Apnea
- Aligners & Orthodontic Treatment
- Flap Surgery
- Paediatric Dentistry

અન્ય સારવારો

- Root Canal Treatment
- Crown & Bridges
- Oral Prophylaxis, Dental SPA
- Extraction
- Maxillo-Facial Surgery

All treatment is under one roof by a team of specialists under strict sterilization & digital technology.

www.thedentalicon.com | Follow Us:

CELEBRATING 50th GOLDEN JUBILEE YEAR

Since 1969

SHREE GANESH ™

૫૦ વર્ષનો
અતુટ વિશ્વાસ

આજ કા સ્વાદ કલ કી સુરક્ષા

હિંગ   કાશ્મીરી મરચું   મરચું   હળદર   ધાણાજીરૂ

HARIHAR FOODS PVT. LTD.

(An ISO 22000:2005 Certified Company)

519/1, Phase IV, Ramol Chokdi, G.I.D.C. Vatva, Ahmedabad
www.shreeganeshmasala.com • Like us on